# આત્મધર્મ

માસિક : વર્ષ-૨૦ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૨૬

## ફાગણ સુદ-૨
## જિનમંદિરનો ૮૬મો વાર્ષિક દિન




## ફાલ્ગુની અષ્ટાહ્નિકા મહોત્સવ



## આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જો કોઈ અર્ધ ક્ષણ ભી પરમાત્માસે પ્રીતિ કરતા હૈ વહ સબ પાપકો ઉસી તરહ જલા દેતા હૈ જૈસે કાષ્ઠકે પર્વતકો આગ ભસ્મ કર દેતી હૈ. હે જીવ ! સર્વ ચિંતા છોડકર તૂ નિશ્ચિંત હોકર અપને ચિત્તકો પરમાત્માકે પદમેં જોડ ઔર નિરંજન શુદ્ધ આત્મારૂપી દેવકા દર્શન કર. ધ્યાન કરતે હુએ શુદ્ધાત્માકે દર્શન યા અનુભવસે જો પરમાનંદ, હે ભાઈ ! તૂ પાવેગા, વહ અનંત સુખ પરમાત્મદેવકો છોડકર ઔર કહીં તીન લોકમેં નહીં મિલ સકતા હૈ. ૧૪૦. (શ્રી તારણસ્વામી, મમલપાહુડ-૨, પૃ. ૧૭૭)

● જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા ધ્રુવપણે અને અચળપણે જ્ઞાનસ્વરૂપે થતો-પરિણમતો ભાસે છે તે જ મોક્ષનો હેતુ છે કારણ કે તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે, તેના સિવાય જે અન્ય કાંઈ છે તે બંધનો હેતુ છે કારણ કે તે પોતે પણ બંધસ્વરૂપ છે. માટે જ્ઞાનસ્વરૂપ થવાનું (જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું) એટલે કે અનુભૂતિ કરવાનું જ આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે. ૧૪૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, સમયસાર-ટીકા, કળશ-૧૦૫)

● જે જીવ આત્માને નિરંતર કર્મથી બંધાયેલો દેખે છે તે કર્મથી બંધાયેલો જ રહે છે. પરંતુ જે તેને મુક્ત દેખે છે તે મુક્ત થઈ જાય છે. બરાબર છે—મુસાફર જે નગરના માર્ગે ચાલે છે તે નગરમાં તે પહોંચે છે. ૧૪૩.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૪૮)

● અપને આત્મારૂપી કમલમેં રુચિ યા પ્રીતિ વહી કારણ હૈ, વહી કાર્ય હૈ, આત્મરુચિસે હી પ્રતીતિ ગાઢ હોતી હૈ. ચતુર્થ ગુણસ્થાનમેં જો આત્મરુચિરૂપ સમ્યગ્દર્શન હૈ વહી બઢતે બઢતે શ્રુતકેવલી મુનિકો અવગાઢ સમ્યક્ત્વ હો જાતા હૈ. આત્મરુચિ હી દાતાર હૈ, આત્મરુચિ હી પાત્ર હૈ, આપસે આપકો મનન કરનેસે આત્માકા સ્વભાવ પુષ્ટ હોતા જાતા હૈ. આત્માકી ગાઢ રુચિકે સમાન કોઈ દાતાર નહીં હૈ. સમ્યગ્દર્શન હી આત્માનંદ પ્રદાન કરતા હૈ. આત્માકો પુષ્ટ કરતે કરતે ઉસકો સિદ્ધ બના દેતા હૈ. ૧૪૪. (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૯૦)

● જે મોક્ષનું કાંઈક કથનમાત્ર (કહેવામાત્ર) કારણ છે તેને પણ (અર્થાત્ વ્યવહાર—રત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં (—ઘણાં ભવોમાં) સાંભળ્યું છે અને આચર્યું (—અમલમાં મૂક્યું) છે, પરંતુ અરેરે ! ખેદ છે કે સર્વદા એક જ્ઞાન છે તેને (અર્થાત્ જે સદા એક જ્ઞાનસ્વરૂપ છે એવા પરમાત્મતત્ત્વને) જીવે સાંભળ્યું—આચર્યું નથી, નથી. ૧૪૫.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૨૧)




વર્ષ–૨૦
અંક–૬

વિ. સંવત
૨૦૮૨

February
A.D. 2026



# પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગાથા-૮૦-૮૧ ના પ્રવચનમાંથી)




## અર્હંતના સ્વરૂપને જાણતા પોતાના આત્મસ્વરૂપને જાણે છે.

હવે એ રીતે મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો છે—એમ આચાર્ય ભગવાન કહે છે. સંસારમાં રત્નોને ચિંતામણિ પણ કહેવાય છે. તે તો પુણ્ય હોય તો ફળે ને તે પણ સંયોગની પ્રાપ્તિમાં નિમિત્ત થાય પણ તેનાથી આત્માની શાંતિ ધર્મ થાય નહીં.

બ્રહ્મદત્ત ચક્રવર્તીને હજારો દેવો સેવા કરતાં, ૧૪ રત્નો હતા, વૈતાઢ્ય પર્વત ઉપર જાય ત્યારે હાથી ઉપર રત્ન રાખે ત્યારે સૂર્ય જેવો પ્રકાશ થાય ને જોજન સુધી અજવાળા પડે. હીરાનાં પલંગો હતાં સોળ હજાર દેવો સેવા કરતા, ૯૬૦૦૦ રાણીઓ હતી. નરકે જવાનો વખત થયો ત્યારે ચિંતામણિ રત્ન હોવા છતાં કેમ નરકે ગયાં ? દેવો, નોકરો, રાણીઓ, હજારો, બધા ''ખમા..ખમા'' કરનારાં ઊભા રહ્યાં. પુણ્ય ફર્યા ત્યાં કોઈ કામ આવતા નથી. એક સમય પહેલાં દેવો વગેરે ''ખમા..ખમા'' કરતા હોય ને હીરાના પલંગમાં સૂતો હોય, બીજા સમયે સાતમી નરકે—જ્યાં કાપાકાપી ને અસહ્ય વેદના છે—ત્યાં જન્મે છે. માટે બહારના ચિંતામણિ રત્ન ધૂળ છે એમાં કાંઈ છે નહીં. પણ ખરો ચિંતામણિ તો આત્મા છે તેની પાસે શાંતિ માગો તો મળે તેમ છે. તેની શ્રદ્ધા કરવાથી સમકિત પ્રાપ્ત થાય છે ને એકાગ્ર થવાથી વીતરાગદશા અને કૈવલ્યદશા પ્રાપ્ત થાય છે. આવા ચિંતામણિની આચાર્ય ભગવાને પ્રાપ્તિ કરી છે. છતાં સ્વરૂપની પ્રાપ્તિ અસાવધાની-

---

**શ્રી અનંતવીર્ય જિન-સ્તુતિ**

શ્રી અનંતવીર્યસેવ કીજિયે અનેક ભેવ,
વિદ્યમાન યેહી દેવ મસ્તક નવાઈયે;

**વિદેહક્ષેત્રસ્થ જિન-વિંશતિકા**

પ્રમાદ—તે ચોર છે એમ વિચારી જાગ્રત રહે છે એટલે સ્થિરતાનો ઉગ્ર પુરુષાર્થ જાહેર કરે છે.

**ગાથા-૮૧ :** જેણે દર્શનમોહનો નાશ કર્યો છે અને આત્માના સાચા સ્વરૂપને પ્રાપ્ત કર્યું છે એવો જીવ જો રાગ-દ્વેષને છોડે તો તે શુદ્ધ આત્માને પામે છે. સ્વરૂપમાં લીનતા કરે તો રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી. તેને રાગ-દ્વેષને છોડે છે—એમ કહેવામાં આવે છે. જે જીવે દર્શનમોહનો નાશ કર્યો નથી તેના રાગ-દ્વેષ કદી પણ છૂટતા નથી.

ટીકા : આ રીતે જે ઉપાયનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે તે ઉપાયથી મોહનો નાશ કરવો અને સમ્યક્ આત્મતત્ત્વને પામવું. તીર્થંકરો વગેરે બધા જ્ઞાનીઓ પોતાના આત્માની સાચી પ્રતીતિ કરીને આત્મામાં લીનતા કરીને કેવળદશાને પામ્યા. તે જ ઉપાયથી સમ્યગ્દૃષ્ટિ જીવ જો રાગ—દ્વેષ નિર્મૂળ કરે છે. (રાગ—દ્વેષ ઉપશમ કરે છે તે વાત લીધી નથી.) મૂળમાંથી નાશ કરે છે તો શુદ્ધાત્માને અનુભવે છે. પરંતુ જરા પ્રમાદને વશ થઈને અસ્થિરતાના રાગ—દ્વેષને અનુસરે તો પ્રમાદને આધીન થતાં સ્થિરતા થવી જોઈએ તે થતી નથી તેથી શુદ્ધ આત્મતત્ત્વના અનુભવરૂપ ચિંતામણિ ચોરાઈ જવાથી ખેદ પામે છે. સમ્યગ્દર્શનરૂપી ચિંતામણિ તો છે પણ ચારિત્રરૂપી ચિંતામણિ હાથમાં ન રહેવાથી ખેદ પામે છે. પ્રમાદ દ્રવ્યમાં નથી પણ પ્રમાદને આધીન પોતે થાય છે ને તેથી શુદ્ધ અનુભવ વિશેષપણે ચાલુ રહેતો નથી માટે મારે અસ્તિરતાના રાગ—દ્વેષને ટાળવા અત્યંત જાગૃત રહેવું જરૂરનું છે—એમ આચાર્ય ભગવાન કહે છે. અહીં આચાર્ય ભગવાન પુરુષાર્થની ઉગ્રતા અને કેવળદશા પામવાની ઝંખના બતાવે છે.

અભેદ રત્નત્રયપરિણત જીવ નિર્મળ જ્ઞાનઘન એક શુદ્ધબુદ્ધ સ્વભાવને પ્રાપ્ત કરે છે ને કેવળદશાને પામે છ તેથી સમકિત પામ્યા પછી મુનિપણામાં ત્રણ કષાયનો અભાવ વર્તે છે તોપણ છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેતો રાગ—દ્વેષ ટાળી શુદ્ધ ઉપયોગમાં જવાની જરૂર છે. રાગ—દ્વેષ ટાળવાથી વીતરાગદશા થાય છે એમ અહીં કહ્યું છે તે નિમિત્તના કથન છે. સ્વમાં ઠરતાં રાગ-દ્વેષ ઉત્પન્ન થતાં જ નથી તેને રાગ—દ્વેષ ટાળે છે ને મુક્ત થાય છે—એમ કહેવામાં આવે છે.

પૂર્વે ગાથા ૮૦-૮૧માં કહ્યાં પ્રમાણે જ અનંત તીર્થંકરોએ અનુભવીને દર્શાવેલો મોક્ષનો પારમાર્થિક પંથ એક જ છે—એમ નક્કી કરીને મતિને સ્થિર કરે છે.

**તાત જાસુ મેઘરાય મંગલા સુ કહી માય,**
**નગરી અજોધ્યાકે અનેક ગુણ ગાઈયે.**

**ગાથા-૮૨** : બધા અર્હંત ભગવંતો એટલે તીર્થંકરો વગેરે ૮૦-૮૧ ગાથામાં બતાવેલ વિધિથી જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષય કરીને તથા એ જ પ્રકારે ઉપદેશ કરીને મોક્ષ પામ્યા છે. તેમને નમસ્કાર હો. પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયનાં શ્રદ્ધા, જ્ઞાન કરીને સ્વરૂપમાં લીનતા પામીને અર્હંત ભગવંતો મોક્ષે ગયા છે. દેહની ક્રિયાથી કે પુણ્યથી ધર્મ—એવી માન્યતા કરીને કોઈ મોક્ષે ગયા નથી.

ટીકા : ભૂતકાળમાં એક પછી એક થયેલા સમસ્ત તીર્થંકર ભગવંતો પોતાના જ્ઞાનસ્વરૂપની પ્રતીતિ, જ્ઞાન તથા લીનતા—આ એક જ પ્રકારથી મોક્ષ ગયા છે. ક્રમશઃનો અર્થ 'એક પછી એક'—એમ છે પણ 'આદિ' છે—એમ સમજવું નહીં. તીર્થંકરો અનાદિથી છે પણ એક પછી એક થયા છે એમ બતાવવું છે. આત્મા અનાદિથી છે. ને સિદ્ધ, સાધક, તથા વીતરાગી ધર્મ અને મિથ્યાદૃષ્ટિઓ પણ અનાદિથી છે. ને સિદ્ધ, સાધક, તથા વીતરાગી ધર્મ અને મિથ્યાદૃષ્ટિઓ પણ અનાદિથી છે. આત્મા કેવળજ્ઞાન પામે ત્યારે કેવળી ભગવાનને શરીરદશા નગ્ન હોય છે. પણ વસ્ત્ર, પાત્ર, ખોરાક, પાણી, રોગ હોય નહિ. તીર્થંકર એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે. છદ્મસ્થના જેવી વાણી તેમને હોય નહિ. ઈચ્છા વગર ૐકાર ધ્વનિ—અનક્ષરી વાણી સ્હેજે હોય છે.

તીર્થંકરો પરમ આપ્ત (પરમ વિશ્વાસપાત્ર) છે, ભાવ મુનિઓ તથા સમ્યગ્દૃષ્ટિ જીવો આપ્ત (વિશ્વાસપાત્ર) છે. તીર્થંકરો સંપૂર્ણ વીતરાગદશા પામી કેવળજ્ઞાન પામ્યા છે માટે પરમ આપ્ત પુરુષ છે. તેઓ મુમુક્ષુઓને ઉપદેશ આપે છે કે વર્તમાન ને ભવિષ્યકાળે એટલે બધા કાળે પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ, જ્ઞાન ને સ્વભાવમાં સ્થિરતા—આ એક જ મોક્ષ પામવાનો અથવા કર્મનાશ કરવાનો ઉપાય છે—આવો ઉપદેશ પોતે કર્યો છે ને એ જ ઉપાયથી પોતે કેવળજ્ઞાન પામ્યા છે.

લુગડાં કે વેશ ફર્યો અથવા શરીર નગ્ન થયું માટે ચારિત્ર થયું—એમ નથી. બહારની ક્રિયા કે પુણ્યની ક્રિયાથી ધર્મ નથી. જ્ઞાનાનંદ સ્વભાવમાં રમવું તે ચારિત્ર છે—આ એક જ પ્રકાર કહ્યો છે. વચ્ચે વ્યવહાર આવે છે તે ઝેર છે. તેનું જ્ઞાન કરાવ્યું છે. જ્ઞાતાસ્વભાવમાં ઠરતાં જ્ઞાનક્રિયા થાય છે તે ક્રિયા છે. જેવું સ્વરૂપ છે તેવું પ્રગટ કરવું—એવા યથાર્થ ઉપદેશ દાતા તીર્થંકર ભગવંતો છે. તેમને નિમિત્તરૂપે વાણી ન હોય એમ બને નહિ. વસ્તુ કથંચિત્ વક્તવ્ય છે એટલે આત્માનું સ્વરૂપ કથંચિત્ વાણીમાં આવે છે. જો સ્વરૂપ સર્વથા અવક્તવ્ય હોય તો વાણી નિમિત્તરૂપે ન હોય પણ તે વાત બરાબર

ધ્વજાપૈ વિરાજૈ ગજ પેખે પાપ જાય ભજ,
ત્રિકોટનકી મહિમા દેખે ન અઘાઈયે.

નથી. સ્વરૂપ કથંચિત્ વક્તવ્ય છે. આચાર્ય ભગવાન કહે છે કે ''પ્રલાપ બસ થાઓ, વિશેષ શું કહીએય મારી ગતિ વ્યવસ્થિત થઈ ગઈ છે, ભગવાને કહ્યો તે જ ઉપાય છે હવે મને શંકા નથી—ભગવંતોને નમસ્કાર હો !''

પ્રશ્ન : આચાર્ય ભગવાનના નમસ્કારના શુભભાવને તમો પુરુષાર્થ કહો છો ને બીજાના શુભભાવને ઝેર કેમ કહો છો ?

ઉત્તર : આચાર્ય ભગવાનના પુરુષાર્થની ઉગ્રતા છે. વિકલ્પ ઉઠ્યો તે જ્ઞાતાનું જ્ઞેય છે. રાગ ખાતર રાગ નથી, પૂર્ણ સાધ્ય તરફ ઉગ્ર પુરુષાર્થ છે. ૮૦મી ગાથા લખાઈ તે કરતાં ૮૨મી લખાઈ ત્યારે પુરુષાર્થ વધ્યો છે. સમયે સમયે વધી જ રહ્યો છે. ખરેખર નમસ્કાર પોતાના અભેદ દ્રવ્યને જ કર્યો છે, ને વિકલ્પ ઉઠ્યો તેથી વ્યવહારથી ભગવંતોને નમસ્કાર કર્યો છે. વ્યવહાર કરતાં કરતાં કર્મક્ષય થાય—એમ આ ગાથામાં ન આવ્યું. કર્મક્ષયનો એક જ રસ્તો કહ્યો છે.

પ્રશ્ન : પણ ભગવાને તો ચાર અનુયોગ કહ્યાં છે ને ?

ઉત્તર : ચારે અનુયોગનો સાર એક જ છે. પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રથી આત્મા મોક્ષ પામે છે—એમ સમજે તો ચારે અનુયોગનો અર્થ સમજ્યો કહેવાય. ચરણાનુયોગમાં દયા, દાન કરતાં કરતાં અથવા મહાવ્રત કરતાં કરતાં કે નગ્ન શરીરથી ધર્મ થાય—એમ કહ્યું નથી પણ સાધકદશામાં એવા પ્રકારના શુભભાવ આવે છે ને શરીરની અવસ્થા નગ્ન હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. કરણાનુયોગમાં કર્મને લીધે જીવ રખડે છે એમ કહ્યું નથી. કર્મ જીવને રખડાવતા નથી પણ પોતાની ભૂલના કારણે જીવ રખડે છે ત્યારે બીજી ચીજ કર્મ હાજરમાત્ર છે—એનું જ્ઞાન કરાવ્યું છે. જ્ઞાની પુરુષો બધા અનુયોગનું ખંડન કરે છે ને અજ્ઞાની જે કર્મથી ને પુણ્યથી ધર્મ માને છે તે ચરણાનુયોગ, કરણાનુયોગ, વગેરે બધા અનુયોગનું ખંડન કરે છે. માટે દ્રવ્યાનુયોગ શાસ્ત્રને અને બીજા અનુયોગના શાસ્ત્રને વિરોધ નથી પણ બધાનો સાર એક જ છે કે પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરે ને કરે તો મુક્તિ થાય.

સમયસાર ગાથા ૧૫માં જે કહેવું છે તે જ આ પ્રવચનસારની ૮૨મી ગાથામાં આવેલ છે. અહીં પ્રવચનસારમાં જ્ઞાન અધિકાર છે. જ્ઞાનનો સ્વ—પર પ્રકાશક સ્વભાવ છે. જ્ઞાન ઉપદેશની વાણીને બતાવે છે ને સમયસાર ગાથા ૧૫માં શ્રુતજ્ઞાનથી વાત કરી છે.

(ક્રમશઃ) ❊

**તિહૂં લોકમધ્ય ઇસ અતિશૈ ચૌતીસ લસૈ,**
**ઐસે જગદીશ 'ભૈયા' ભલીભાંતિ ધ્યાઇયે. ૮**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૪૫, ગાથા - ૪૧)

## સંતોની જગતથી નિરાળી ચાલ

ધર્માત્મા ચક્રવર્તી ૯૬૦૦૦ રાણીની વચ્ચે ઊભા હોય, ક્ષણિક વાસનાનો વિકલ્પ આવી જાય છે તેને પોતાની નબળાઈ સમજે છે પણ વિકલ્પમાં સમાધાન થતું નથી તેથી વાસનાને પૂરી કરી બીજી ક્ષણે ધ્યાનમાં બેસી જાય છે ને આત્માનો અનુભવ કરે છે. જુઓ આ દશા ! ક્ષણ પહેલાં વાસના અને ક્ષણ પછી આત્માની સ્પર્શના, દૃષ્ટિમાં રાગનો આદર નથી તેથી તેમાં વિશેષ ટકતા નથી.

અહીં તો વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા સમ્યગ્દષ્ટિનો માર્ગ બતાવે છે કે સમ્યગ્દષ્ટિએ પોતાના શુદ્ધ સ્વરૂપમાં લીન થવું અને વચ્ચે કોઈ વિકલ્પ આવી જાય તો તેને તુરત જ ભૂલી જવાં. સંયમના હેતુથી કોઈ વિકલ્પ આપે કે મમતા ઘટાડવા દાન દેવાના ભાવ આવે કે કોઈ શુભાશુભ વિકલ્પ આવે તેને બંધના કારણ જાણી છોડવા.

દશલક્ષણ ધર્મમાં ત્યાગ ધર્મ આવે છે તો લોકો કોઈને પુસ્તક આપવા, જ્ઞાનદાન દેવું, વસ્ત્રાદિ આપવા તેને ત્યાગધર્મ કહે છે. અરે ભાઈ ! એ ત્યાગધર્મ નથી, તે તો શુભવિકલ્પ છે. ત્યાગધર્મ તો રાગનો અભાવ કરીને સ્વભાવમાં લીન થવું તે છે. વિકલ્પ આવે છે તેને ધર્મી બંધભાવ જાણે છે.

લોકો કહે છે કે આ એકાંત છે....એકાંત છે. હા, આ સમ્યક્ એકાંત છે. એકાંત વીતરાગતા પ્રગટ કરવાનો આ માર્ગ છે. રાગ પ્રગટ કરવાનો માર્ગ નથી. વસ્તુનું સ્વરૂપ-ધર્મનું સ્વરૂપ શું છે તેની પહેલાં યથાર્થ સમજણ તો હોવી જોઈએ. ભાઈ ! ચારિત્રની વાત તો પછી છે. પહેલાં શ્રદ્ધા તો યથાર્થ કર. લોકો તીર્થંકરગોત્ર બંધાય તેમાં લાભ માને છે, પણ જે તીર્થંકર પ્રકૃતિ કર્મમાં બંધાય છે તે તો જડ રજકણ છે અને તેનો ઉદય તો ભગવાનને કેવળજ્ઞાન થયા પછી આવે છે. તેમાં સમવસરણ આદિની રચના થાય છે તેનાથી ભગવાનને શું લાભ છે ? કાંઈ નહિ, શુભબંધ કે તેના ફળમાં ક્યાંય ધર્મીને લાભ દેખાતો નથી.

હવે પૂજ્યપાદસ્વામી ધર્મીનું વિશેષ સ્વરૂપ બતાવતાં ૪૧મી ગાથા કહે છે.

| શ્રી સૂરપ્રભ જિન-સ્તુતિ | સૂરપ્રભ અરહંત, હંત કરમાદિક કીન્હેં,<br>કીન્હેં નિજ સમ જીવ, જીવ બહુ તાર સુ દીન્હેં; |
|---|---|

बुवन्नपि हि न ब्रूते गच्छन्नपि न गच्छति ।
स्थिरीकृतात्मतत्त्वस्तु पश्यन्नपि न पश्यति ।।४१।।
દેખે પણ નહીં દેખતા, બોલે છતાં અબોલ,
ચાલે છતાં ન ચાલતા, તત્ત્વસ્થિત અડોલ. ૪૧.

જેણે આત્મસ્વરૂપના વિષયમાં સ્થિરતા પ્રાપ્ત કરી લીધી છે, ભગવાન જ્ઞાયક ચિદાનંદની દૃષ્ટિ—જ્ઞાન કરીને અનુભવ પ્રાપ્ત કર્યો છે એવા યોગી ધર્માત્મા બોલે છે છતાં બોલતા નથી એટલે કે વાણીના કર્તા નથી, જ્ઞાતા છે, ચાલતાં છતાં ચાલતા નથી અને દેખતાં થતાં પણ દેખતા નથી.

''જિનકે હિયેમેં સત્યસૂરજ ઉદ્યોત ભયો,
ફૈલી મતી કિરણ, મિથ્યાત્વ નષ્ટ હૈ.
જિનકે કટાક્ષમેં સહજ મોક્ષપંથ સધૈ,
મનકો નિરોધ જાકે તનકો ન કષ્ટ હૈ.
તિનકે કરમકી કલ્લોલે—યહ હૈ સમાધિ,
ડોલે યહ જોગાસન, બોલે યહ મષ્ટ (મૌન) હૈ.

બનારસીદાસજી સમકિતનું સ્વરૂપ બતાવતા કહે છે કે જેના અંતરમાં સમ્યક્ત્વ સૂરજ ઊગ્યો છે તેના સમ્યગ્જ્ઞાનરૂપી કિરણોથી મિથ્યાત્વ—અંધકારનો નાશ થયો છે અને મોક્ષપંથ સુગમ બન્યો છે. મન-વચન-કાયાનો નિરોધ થયો છે તેને સ્વભાવની શાંતિરૂપી સમાધિ વર્તે છે એવા સમ્યગ્દૃષ્ટિ ડોલે છે છતાં યોગાસનમાં છે. કેમકે ચાલવાની, બોલવાની ક્રિયા તો જડમાં થાય છે તેમાં હું નથી. હું તો મારા જ્ઞાનસ્વરૂપમાં છું એમ ધર્મી જાણે છે.

જુઓ આ વીતરાગીમાર્ગ! જેને ગણધરોએ પસંદ કર્યો, ઈન્દ્રોએ માન્યો, મુનિઓએ અનુભવમાં લીધો અને સમ્યગ્દૃષ્ટિઓએ જેનો અંતરમાં સ્વીકાર કર્યો એ આ માર્ગ છે.

સમ્યગ્દૃષ્ટિ ધર્મી બોલે છે છતાં મૌન છે કેમકે તેની દૃષ્ટિમાં રાગનો પણ અંશ નથી તો વાણીનો સંગ ક્યાંથી હોય ? શુભરાગથી પણ ધર્મીનું આસન જુદું છું. ધન અને ધામમાં ધર્મી કદી મગ્ન થતા નથી, બધેથી વૈરાગી થઈને રહે છે. ધર્મી ગૃહસ્થાશ્રમમાં

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૭ ઉપર)

દીન્હેં રવિ પદવાસ, વાસ વિજયામહિ જાકો,
જાકો તાત સુનાગ, નાગ ભય માને તાકો,



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

સમ્યક્ત્વસંબંધી અને નિર્વિકલ્પ અનુભવસંબંધી ઘણું સરસ સ્પષ્ટીકરણ કર્યું; હવે સાધર્મીઓએ પત્રમાં જે બીજા પ્રશ્નો લખ્યા છે તેના ઉત્તર આપે છે.

**મતિ–શ્રુત તે કેવળજ્ઞાનનો અંશ છે કેમકે બંનેની એક જાત છે.**

‘‘વળી ભાઈજી! તમે ત્રણ દૃષ્ટાન્ત લખ્યા અને તે દૃષ્ટાન્ત વિષે પ્રશ્ન લખ્યા; પણ તે દૃષ્ટાન્ત સર્વાંગે મળતા નથી; કેમકે દૃષ્ટાંત છે તે એક પ્રયોજનને દેખાડે છે. અહીં બીજનો વિધુ એટલે કે ચન્દ્રમા, જલબિન્દુ તથા અગ્નિકણિકા એ તો ત્રણે એકદેશ છે અને પૂર્ણમાસીનો ચન્દ્ર, સમુદ્ર તથા અગ્નિકુંડ એ સર્વદેશ છે. એ જ રીતે ચોથા ગુણસ્થાને આત્માને જ્ઞાનાદિ ગુણ એકદેશ પ્રગટ થયા છે તેની, અને તેરમા ગુણસ્થાને આત્માના જ્ઞાનાદિક ગુણો સર્વદેશ પ્રગટ થાય છે તેની એક જાતિ છે.

તેમાં તમે પ્રશ્ન લખ્યો કે–‘એક જાતિ છે એટલે જેમ કેવળી સર્વજ્ઞેયને પ્રત્યક્ષ જાણે છે તેમ ચોથા ગુણસ્થાનવાળા પણ આત્માને પ્રત્યક્ષ જાણતા હશે?’–પરંતુ ભાઈજી! ત્યાં પ્રત્યક્ષપણાની અપેક્ષાએ એક જાતિ નથી પણ સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ એક જાતિ છે...’’

જેમ પૂર્ણિમાનો અંશ તે બીજ, સમુદ્રનો અંશ એક જલબિન્દુ અને મોટા અગ્નિકુંડનો અંશ એક અગ્નિકણ–એ દૃષ્ટાન્તોમાં તો ક્ષેત્રઅપેક્ષાએ અંશ–અંશીપણું છે પરંતુ આત્મામાં શ્રુતજ્ઞાનને પૂર્ણજ્ઞાનનો અંશ કહ્યો તેમાં કાંઈ ક્ષેત્રઅપેક્ષાએ અંશ–અંશીપણું નથી, પણ ભાવઅપેક્ષાએ અંશ–અંશીપણું છે. ક્ષેત્ર તો બંનેનું સરખું છે. જેમ બીજ ઊગતાં ચંદ્રનું થોડુંક ક્ષેત્ર ખૂલ્યું ને બીજું ઢંકાયેલું છે તેમ આત્મામાં કાંઈ થોડા પ્રદેશો નિરાવરણ થયા ને બીજા આવરણવાળા રહ્યા એમ નથી. પણ જેમ પૂર્ણચન્દ્ર પ્રકાશ આપે છે તેમ બીજ પણ પ્રકાશ આપે છે, પ્રકાશ આપવાનો સ્વભાવ બંનેમાં સરખો છે, એક પૂરો પ્રકાશ આપે છે ને બીજો થોડો પ્રકાશ આપે છે એટલો જ ફેર છે, તેમ અહીં આત્મામાં કેવળજ્ઞાન પૂર્ણ પ્રકાશ કરનાર છે ને મતિશ્રુતજ્ઞાન બીજની જેમ

**તાકો અનંતબલજ્ઞાનધર, ધર ભદ્રા અવતાર જી;**
**જિહં ભાવધારિ ભવિ સેવહીં, વહિ નરિંદ લહિ મુક્તશ્રી. ૯**

થોડો પ્રકાશ આપે છે, પ્રકાશ આપવાનો સ્વભાવ બંનેનો સરખો છે, એટલે બંનેની એક જ જાત છે. એ રીતે તેમને અંશ–અંશીપણું સમજવું. જેમ બીજ છે તે કાંઈ તાવડીનો કટકો નથી પણ ચંદ્રનો કટકો છે, તેમ મતિ–શ્રુતજ્ઞાન તે જ્ઞાનનો જ અંશ છે, તે રાગનો અંશ નથી. મતિ–શ્રુતનું ને કેવળજ્ઞાનનું ક્ષેત્ર તો સરખું જ છે, એટલે ક્ષેત્ર અપેક્ષાએ તેમને અંશ–અંશીપણું નથી પણ ભાવઅપેક્ષાએ અંશ–અંશીપણું છે. ત્રણે દૃષ્ટાંતમાં એ રીતે યોગ્ય સમજવું.

વળી ૧૩મા ગુણસ્થાનનું કેવળજ્ઞાન અને ચોથા ગુણસ્થાનનું સમ્યક્‌મતિશ્રુતજ્ઞાન એ બંનેમાં સમ્યક્‌પણાની અપેક્ષાએ એક જાત છે; પણ જેમ કેવળજ્ઞાન સર્વ પદાર્થોને, અસંખ્ય આત્મપ્રદેશો વગેરેને પણ પ્રત્યક્ષ સાક્ષાત્‌ જાણે છે તેમ મતિશ્રુતજ્ઞાન કાંઈ પ્રત્યક્ષ નથી જાણતા. એટલે પ્રત્યક્ષપણાની અપેક્ષાએ કાંઈ બંને સરખા નથી, પણ જાત અપેક્ષાએ સરખા છે. મતિજ્ઞાન કે કેવળજ્ઞાન વગેરે બધા જ્ઞાનોને સામાન્યજ્ઞાનસ્વભાવ સાથે જ એકતા છે. તેથી સમયસારમાં આચાર્યદેવે કહ્યું છે કે—

મતિ શ્રુત અવધિ મનઃ કેવળ તેહ પદ એક જ ખરે,
આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.

જ્ઞાનસામાન્યના જ એ બધા વિશેષો છે એટલે જ્ઞાનને જ તે બધા ભેદો અભિનંદે છે, તે બધાયની એક જ જાત છે. તેમાં પ્રત્યક્ષ–પરોક્ષ વગેરે ભેદો છે પણ જાતિભેદ નથી. જેમ કોઈ વણિક પાસે વધુ મૂડી હોય, કોઈ પાસે ઓછી હોય, એટલે મૂડીની શક્તિનો ભેદ છે પણ તેથી કાંઈ જાતિભેદ નથી, વણિકજાતિ અપેક્ષાએ બંને સરખા જ છે. તેમ કેવળજ્ઞાનનું સામર્થ્ય ઘણું અપાર, ને મતિશ્રુતનું સામર્થ્ય થોડું–એમ સામર્થ્યમાં ભેદ હોવા છતાં બંનેની જાતિ એક જ છે, સમ્યગ્જ્ઞાનપણે બંને સરખા જ છે. તેમ સ્વાનુભવન વખતે તો મતિ–શ્રુતજ્ઞાન પણ પ્રત્યક્ષ જેવા થઈ જાય છે.

શ્રુતજ્ઞાનમાં પણ એવી બેહદ તાકાત છે કે કેવળજ્ઞાન–અનુસાર બધા તત્ત્વોને જાણી લ્યે. અહીં પ્રયોજનભૂત તત્ત્વોની અપેક્ષાએ વાત સમજવી. કેવળજ્ઞાનઅનુસાર બધા પ્રયોજનભૂત તત્ત્વોનો પરોક્ષ નિર્ણય શ્રુતજ્ઞાન પણ કરી શકે છે. ભલે બધા ક્ષેત્રને કે ત્રણ કાળના સમયોને ભિન્ન ભિન્ન ન જાણી શકે પણ પોતાના હિત–અહિત સંબંધી પ્રયોજનભૂત તત્ત્વને તો તે શ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાન અનુસાર જ જાણે છે, તેમાં વિપરીતતા હોતી નથી. તે કેવળજ્ઞાન જેવું પ્રત્યક્ષ ભલે ન જાણે પણ તેમાં વિપરીતતા ન હોય.–આ અપેક્ષાએ તેમાં એક જાતિપણું સમજવું.　　(ક્રમશઃ) ❋



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

આત્મશાંતિ કે આત્માના ધર્મને અનુભવપ્રકાશ અથવા તો મોક્ષમાર્ગ કહે છે. તે અનુભવપ્રકાશ કેમ પ્રગટ થાય? તે કહે છે.

આ સમાધિની વાત છે. જ્યાં ઈન્દ્રિયવિકારબળ વિલય થયું છે—મનવિકાર નથી ત્યાં સમાધિ છે. આત્મામાં કર્મ અને શરીરનું બળ જ નથી કેમકે આત્મા પરથી નિવૃત્તસ્વરૂપ છે. નિમિત્તથી નિવૃત્તસ્વરૂપ છે એમ જેણે નક્કી કર્યું નથી તે વિકારથી નિવૃત્ત થઈ શકતો નથી, માટે પ્રથમ નક્કી કરવું જોઈએ કે ઈન્દ્રિય આદિ પરનિમિત્તનું મારામાં જોર નથી, તેથી ઈન્દ્રિયવિકારનો વિલય થાય છે. ઈન્દ્રિયવિકાર એટલે અશુભભાવ જે ઈન્દ્રિયના નિમિત્તે થાય છે એટલો જ ઈન્દ્રિયવિકારનો અર્થ નથી પણ ભગવાનનાં દર્શન કરવાં, શ્રવણ આદિ કરવું તે બધો ઈન્દ્રિયનો વિકાર છે. પરથી-નિમિત્તથી લાભ માન્યો તેને ઈન્દ્રિય વિલય થતો નથી.

નિમિત્તથી લાભ—નુકશાન થાય છે એમ માન્યું તેને નિમિત્તનો પક્ષ છૂટ્યો જ નથી એટલે નિમિત્તનો પરિગ્રહ છૂટ્યો નથી અને જેણે વિકારનું બળ છે એમ માન્યું તેણે આત્મામાં વિકારનો નાશ કરવાનું સામર્થ્ય છે—એમ માન્યું નથી.

અહીં સમાધિ અધિકાર છે. તો તે સમાધિ કોને થાય છે? કે જેને નિમિત્તની રુચિ છૂટી અને ઈન્દ્રિયના નિમિત્તે થતો વિકારભાવ—એની પણ રુચિ જેને છૂટી હોય અને આત્માની યથાર્થ રુચિ થઈ હોય. આત્મા ચિદાનંદ ત્રિકાળ શુદ્ધ છે, એના આશ્રયે જ ધર્મ થાય છે. એવી દૃષ્ટિપૂર્વક અંતરલીનતા થઈ તેને અહીં સમાધિ કહી છે. નિમિત્તનું બળ જેને છૂટ્યું નથી એને વિકારનું બળ ત્રણકાળમાં છૂટતું નથી. આત્મામાં શુભાશુભ પરિણામ થાય છે તે વિકાર છે. ભગવાનના દર્શનનો વિકલ્પ તે શુભભાવ છે અને સ્ત્રીને જોવાનો ભાવ તે અશુભભાવ છે—એ બંને વિકાર છે. નિમિત્તથી તે શુભાશુભભાવ થાય છે એમ જેણે માન્યું એને તો નિમિત્તનો પરિગ્રહ છૂટ્યો નથી, એટલે એને વિકારની પક્કડ પણ છૂટી નથી.

| | |
|---|---|
| શ્રી વિશાલ જિન-સ્તુતિ | નાથ વિશાલ તાત વિજયાપતિ, વિજયાવતિ જનની જિનકી,<br>ધન્ય સુ દેશ જહાં જિન ઉપજે, પુંડરગિરિ નગરી તિનકી; |

સાચા દેવાદિની શ્રદ્ધા તથા પંચમહાવ્રતાદિનો વિકલ્પ છે તે મનનો વિકાર છે. જેને આત્માના આશ્રયે શુદ્ધ પરિણતિ પ્રગટી છે, અનાકુળ શાંતરસરૂપ સમાધિ પ્રગટી છે તેને મનનો વિકાર હોતો નથી. આ જ ધર્મ છે અને એ જ મોક્ષમાર્ગ છે.

જેને આત્મા શાંત સમાધિરૂપ છે એની ખબર નથી તેને પુણ્યની રુચિ છૂટતી નથી. પર્યાયમાં જ્ઞાનનો શુભવિકલ્પ થાય છે તે પણ મનવિકાર છે. પહેલાં નિમિત્તનું બળ જેણે માન્યું તેને તો નિમિત્તની પક્કડ છે અને જેણે વ્યવહારથી ધર્મ માન્યો છે તેને વિકારનો પરિગ્રહ છૂટતો નથી—એમ એ વાત કરી છે.

આત્માની શાંતિ કોઈ લૂંટી ગયું નથી, તેમ જ તે પરમાં ભરી નથી. આત્મા પોતે શાંતિરૂપ છે એનું જ્ઞાન રુચિ કરવાથી થાય છે. જેણે નિમિત્તથી ધર્મ—શાંતિ માની છે એને નિમિત્તબુદ્ધિ છૂટતી નથી. પરનાં કારણે આત્મામાં કાંઈ લાભ—નુકશાન થતું નથી અને આત્માના વિકલ્પના કારણે પરમાં કાંઈ થતું નથી—એમ જાણવું જોઈએ. મારી ચીજ તો મારી પાસે છે, પરની સાથે તો મારે કાંઈ સંબંધ નથી પણ મારી પર્યાયમાં વિકાર થાય છે તેટલો માત્ર હું નથી. એમ અંતર્દષ્ટિ થતાં સમાધિ જાગે છે.

આત્મામાં તે આનંદસ્વાદ આવ્યો એને મોક્ષમાર્ગ કહે છે. હવે તે આનંદ થવા પહેલાં કેવો વિકલ્પ હોય છે એ કહે છે. હું આનંદ છું, હું બ્રહ્મસ્વરૂપ છું—એવો વિચાર કેટલોક કાળ સુધી રહે છે. પછી સમાધિમાં અહંપણું તો છૂટે છે अस्मि કહીએ એવો ભાવ ત્યાં રહે છે. ત્યાં દર્શન—જ્ઞાનમય છું, હું સમાધિમાં લાગું છું. એમ જ રહેવું એ વિચાર હોય છે. હું જ્ઞાતાદ્રષ્ટા છું એવો વિકલ્પ થવો તે શુભરાગ છે. એનો અભાવ થવાથી સ્વરૂપમાં સ્થિરતા થાય છે. જ્ઞાન—દર્શનનો વિકલ્પ તેને અહીં દ્રવ્યશ્રુત કહે છે. નિમિત્ત, રાગની રુચિ છૂટી ગયા બાદ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા—એવા વિકલ્પને દ્રવ્યશ્રુત કહે છે. તે ગુણગુણીના ભેદનો વિકલ્પ મટે છે ત્યારે સમાધિ પ્રગટે છે.

જ્યાં સુધી વિકલ્પ હતો ત્યાં સુધી તો પુણ્યબંધનું કારણ હતું. પછી જ્યારે દ્રવ્યશ્રુતનો વિકલ્પ છૂટી ગયો અને આત્મામાં એકત્વ થયું તે સમાધિ છે. આવું ધર્મનું સ્વરૂપ છે—એવી જેને ખબર નથી તે કદાચ દયા, દાન, ભક્તિ, વ્રત આદિના પરિણામ કરતો હોય તોપણ તેને ધર્મ થતો નથી. આત્મા કોણ છે? એને જાણી ગુણ—ગુણીનો ભેદ મટાડીને અંતરલીનતા થાય—તેને ધર્મ થાય છે. ધર્મવિધિ તો પહેલાં જાણવી જોઈએ. વિધિ જાણ્યા વિના ધર્મ થતો નથી. પ્રથમ વિકલ્પ હોય છે પણ તે વિકલ્પના કારણે

લચ્છન ઇંદુ બસહિ પ્રભુ પાયેં, ગિનૈ તહાં કોન સુરગનકી,
મુનિરાજ કહૈ ભવિજીવ તરે, સો હૈ મહિમા મહીમેં ઇનકી. ૧૦

નિર્વિકલ્પ થવાતું નથી—એમ જાણવું જોઈએ. આત્મા પરમાનંદસ્વરૂપ છે. એની દૃષ્ટિ કરવાથી વિકલ્પનો અભાવ થાય છે—એવી વિધિ છે.

સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રની ખબર નથી અને વ્રત કરીએ તો ધર્મ થઈ જશે—એમ જે માને છે તે વિધિને સમજતો નથી. જેને ઘી—ગોળ અને લોટનો શીરો ખાવો હોય તેણે પ્રથમ વિધિ જાણવી પડે છે. વિધિ જાણે નહીં પાણીમાં લોટ નાખી દે તો શીરો થાય નહીં. એમ પહેલાં સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ જાણે નહીં અને વ્રતાદિ શુભભાવથી ધર્મ થઈ જશે એમ માને તેને ધર્મ કે મોક્ષમાર્ગ થતો નથી.

આત્મા શુદ્ધ ચિદાનંદ છે, એની રુચિ કરવાથી અને એની લીનતાથી સમાધિ થાય છે અને એ જ વીતરાગરૂપ સ્વસંવેદનભાવ છે. જ્યારે એકત્વચેતનામાં મન લાગી લીન થયું ત્યાં ઇન્દ્રિયજનિત આનંદના અભાવથી સ્વભાવનું લક્ષ થતાં રસાસ્વાદ કરી આનંદ વધ્યો. ત્યાં વિવેકરૂપી શુદ્ધ પરિણતિ છે. જ્યાં પરમાત્માનો વિલાસ નજીક થયો ત્યાં અનંતગુણનો રસ પાછો પરિણામ વેદી સમાધિ લાગી, નિર્વિકાર ધર્મના વિલાસનો પ્રકાશ થયો.

પરથી વિભક્ત થયો એટલે સ્વથી એકત્વ થયો—આ અસ્તિ—નાસ્તિની વાત છે. અનંત ગુણનું પરિણમન શુદ્ધ થયું એટલે અંતરસમાધિ પ્રગટી. નિર્વિકાર ધર્મના વિલાસનો પ્રકાશ થયો. રાગાદિરહિત ભાવનમાં મનોવિકાર ઘણો ગયો. પહેલાં પ્રતીતિ થઈ કે હું જ્ઞાન છું, વિકાર નહીં, પર નહીં, ત્યાં તો રાગાદિ વિકારના સ્વામિત્વનો નાશ થાય છે અને આગળ જતાં સ્થિરતા થતાં થતાં શુદ્ધિ વધે છે અને મનનો વિકાર પણ નાશ પામે છે.


આવી સમાધિ—સ્વરૂપદૃષ્ટિપૂર્વક સ્થિરતા કરીને સ્વભાવની શાંતિ પ્રગટ કરી એને ભગવાન તપ કહે છે. આવો તપ કરીને ભગવાને કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે. લોકોને તપની પણ ખબર નથી. તપને જગત કષ્ટરૂપ માને છે. સ્વભાવની સ્થિરતા અને પરભાવનું વિસ્મરણ થાય એવી જમવટ કરવાથી શીઘ્રકાળમાં પરમાત્મા થાય છે. આ સહજનો ધંધો છે. જે એને કષ્ટરૂપ માને છે તેને વસ્તુની ખબર નથી.

આત્મામાં સ્વરૂપલીનતા કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે. મિથ્યાત્વભાવનો નાશ જેને થતો નથી તેને મનનો વિકાર મટતો નથી. મિથ્યાત્વના નાશનો ઉપાય કરે નહિ અને બીજી કડાકૂટ કર્યા કરે તો તેને સંસારનો નાશ થતો નથી. મિથ્યાત્વરૂપી મોહ મોટો


(જુઓ અનુસંધાન પેજ નં. ૨૭ ઉપર)

**શ્રી વજધર જિન-સ્તુતિ**

**અહો પ્રભુ પદમરથ, રાજાકે નંદનસુ,**
**તેરોઈ સુજસ તિહૂંપર ગાઈયતુ હૈ;**




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ત્રીજી ઢાળ ગાથા ૪-૫-૬)

### જીવતત્ત્વ અને તેના ભેદોનું વર્ણન

આ છહઢાળાના રચનાર પં. દૌલતરામજી ભજનમાં સમ્યગ્દષ્ટિની અદ્‌ભુત દશાનું વર્ણન કરતાં કહે છે કે—

ચિન્મૂરત દગધારિકી મોહે રીતિ લગત હૈ અટાપટી....
બાહિર નારકિ–કૃત દુઃખ ભોગે, અન્તર સુખરસ ગટાગટી.
રમત અનેક સુરનિ સંગ પૈ તિસ પરિણતિતેં નિત હટાહટી.
જ્ઞાન વિરાગ શક્તિતેં વિધિફલ ભોગત પૈ વિધિ ઘટાઘટી.
સદન નિવાસી તદાપિ ઉદાસી, તાતેં આસ્રવ છટાછટી.
જે ભવહેતુ અબુધકે તે તસ કરત બન્ધ કી ઝટાઝટી.
નારક પશુ ત્રિય ષંડ વિકલત્રય, પ્રકૃતિનકી કટાકટી.
સંયમ ધરિ ન સકે પૈ સંયમ ધારન કી ઉર ચટાચટી.
તાસ સુયશ ગન કી ‘દૌલત’ કે લગી રહૈ નિત રટારટી.

અહો, ચૈતન્યમૂર્તિ આત્માની દષ્ટિના ધારક સમ્યગ્દષ્ટિ જીવોની દશા કોઈ અટપટી આશ્ચર્યકારક લાગે છે. કોઈ જીવ નરકમાં સમ્યગ્દષ્ટિ હોય, બહારમાં તો તેને નારકીઓ દ્વારા ઘોર દુઃખ થતું હોય પણ અંતરમાં તે જ વખતે ભિન્ન આત્મામાં તેને આત્માના સુખરસની ગટાગટી ચાલે છે; જેમ શેરડીનો રસ ગટક–ગટક પીએ તેમ અંદર ચેતનામાં સુખરસની ગટાગટી ચાલે છે.–એવી સમ્યગ્દષ્ટિની પરિણતિ અટપટી છે. કોઈ જીવ સ્વર્ગમાં સમ્યગ્દષ્ટિ હોય, ત્યાં બહારમાં તો અનેક દેવીઓ સાથે તે ક્રીડા કરતો હોય, તે પ્રકારનો રાગ પણ હોય, છતાં તે પરિણતિથી તેને સદા હટાહટી છે, એટલે કે ધર્મીની ચેતના તો તેનાથી જુદી ને જુદી જ રહે છે.—એવી ધર્મીની વિચિત્ર પરિણતિ છે.

કેઈ તવ ધ્યાન ધરૈ, કેઈ તવ જાપ કરૈ,
કેઈ ચર્ણશર્ણતૈ જીવ પાઈચતુ હૈ,

અનેક પ્રકારનાં કર્મફળ ભોગવવા છતાં, જ્ઞાન–વૈરાગ્યશક્તિના બળે તેને કર્મ સદાય ઘટ્યા જ કરે છે; સદન નિવાસી એટલે કે ગૃહવાસી હોવા છતાં અંતરમાં તેનાથી ઉદાસીનતા છે તેથી આસ્રવની તેને છટાછટી છે,–આસ્રવો છૂટતા જ જાય છે. અજ્ઞાનીને જે ક્રિયાઓ ભવનો હેતુ થાય છે તે જ ક્રિયાઓ અંતરની ચૈતન્યદૃષ્ટિને લીધે સમ્યગ્દષ્ટિને બંધની ઝટાઝટી કરે છે–અર્થાત્ તેને નિર્જરા જ થાય છે.

નરકગતિ, તિર્યંચગતિ, સ્ત્રીપર્યાય, નપુંસકપર્યાય, વિકલત્રય વગેરે ૪૧ પ્રકૃતિની તો સમ્યગ્દષ્ટિને નિરંતર કટાકટી થઈ ગઈ છે અર્થાત્ તે ૪૧ પ્રકૃતિ તો તેને બંધાતી જ નથી. તે અવિરત સમ્યગ્દષ્ટિ જો કે સંયમ ધારણ કરી શકતા નથી તોપણ તેમના અંતરમાં તો સંયમ ધારણ કરવાની ચટપટી વર્તે છે....નિરંતર સંયમભાવના વર્તે છે. અહો! સમ્યગ્દષ્ટિના આવા પ્રશંસનીય ગુણોનો ખજાનો, તેનું દૌલતરામજીને સદાય રટણ રહ્યા કરે છે.

વાહ! ચૈતન્યમૂર્તિ આત્માની દૃષ્ટિવાળા સમ્યગ્દષ્ટિ–અંતરાત્મા જીવોની દશા કોઈ અદ્‌ભુત–અચિંત્ય–આશ્ચર્યકારી છે; તેની ઓળખાણ કરતાં જીવને પોતાના આત્મસ્વરૂપનો કોઈ અચિંત્યમહિમા લક્ષમાં આવે છે. તે અંતરાત્મા ઉત્કૃષ્ટ હો, મધ્યમ હો કે નાનામાં નાના જઘન્ય હો, પણ શુદ્ધાત્માની પ્રતીતરૂપ સમ્યગ્દર્શન બધાને સરખું છે; પ્રતીતમાં ફેર નથી, બધાય અંતરાત્માઓ ભૂતાર્થદૃષ્ટિવંત છે, શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિના ધારક છે. રાગ હોવા છતાં રાગથી પાર એમની જ્ઞાનચેતના છે તેને કોઈ વિરલા જ ઓળખે છે.

ભાવલિંગી મુનિઓમાં પણ જે નિર્વિકલ્પ ધ્યાનમાં લીન છે એવા શુદ્ધોપયોગીને તો ઉત્તમ અંતરાત્મામાં ગણ્યા, અને શુભોપયોગી મુનિને મધ્યમ અંતરાત્મામાં ગણ્યા. અરે, મહાવ્રતાદિની કોઈ શુભવૃત્તિ આવી તે પણ ઉત્તમ અંતરાત્મામાં પાલવતી નથી, તો બીજા રાગની શી વાત! પ્રવચનસારમાં પણ કહ્યું છે કે મોક્ષમાર્ગમાં શુદ્ધોપયોગી મુનિઓ મુખ્ય છે અગ્રેસર છે, ને શુભોપયોગી મુનિઓને તો તેમની પાછળ–પાછળ સ્વીકારવામાં આવ્યા છે. છે તો તેઓ બંને મોક્ષમાર્ગી, પરમેષ્ઠી ભગવાન; તેમાં શુભવાળા મુનિ પણ ભાવલિંગી છે,–તેની વાત છે. જેને સમ્યગ્દર્શનાદિ નથી તેમને તો મોક્ષમાર્ગમાં સ્વીકાર્યા જ નથી, તેઓ તો બંધમાર્ગે ચાલનારા બહિરાત્મા છે.

**નગર સુસીમા સિધિ ધ્વજાપૈં વિરાજૈ શંખ,**
**માતુસરસ્વતિકે આનંદ બધાયતુ હૈ;**


બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા—આ ત્રણ પ્રકારમાં જગતના બધા જીવો આવી જાય છે. જીવતત્ત્વની શ્રદ્ધામાં તેની ઓળખાણ સમાઈ જાય છે. જે પોતે શુદ્ધોપયોગમાં લીન છે તેને તો બીજા જીવોનો વિચાર તે વખતે નથી; તેમ જ ત્રણ ભેદ ઉપર લક્ષ નથી; પણ જે સવિકલ્પદશામાં છે તે, વ્યવહારજીવની શ્રદ્ધામાં આવા ત્રિવિધ આત્માનું સ્વરૂપ વિચારે છે. આવો યથાર્થ વિચાર કરનારો અંતરાત્મા છે. બહિરાત્માને કે પરમાત્માને આવો વિચાર નથી, કેમકે બહિરાત્મા તો તેનું સાચું સ્વરૂપ જાણતો નથી, ને પરમાત્માને કોઈ વિકલ્પ નથી. આ તો સાધકને નિશ્ચયસહિત વ્યવહાર કેવો હોય તેની વાત છે.

પરમાર્થદૃષ્ટિમાં એટલે કે શુદ્ધનયમાં તો એક અખંડ જ્ઞાયકભાવરૂપે જ આત્માનો અનુભવ છે, ત્રણ પ્રકારની પર્યાયના ભેદ તેમાં નથી આવતા, શુદ્ધદૃષ્ટિ વડે અંતરાત્મા થયેલ જીવ વ્યવહારમાં જીવની પર્યાયના પ્રકારોને પણ જેમ છે તેમ જાણે છે. પોતે અંતરાત્મા થઈને ત્રણ ભેદોને જાણે છે; પણ પોતે બહિરાત્મા રહીને ત્રણ પ્રકારના આત્માનું સાચું જ્ઞાન થઈ શકે છે. છઠ્ઠા ગુણસ્થાનવાળા ભાવલિંગી મોક્ષમાર્ગી મુનિ એમ જાણે છે કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો પણ મોક્ષમાર્ગી છે; જેમ હું મોક્ષમાર્ગી છું તેમ તે પણ મોક્ષમાર્ગી છે.—ભલે થોડો (જઘન્ય) પણ છે તો મોક્ષના માર્ગમાં. શ્રી કુંદકુંદસ્વામીએ મોક્ષપ્રાભૃતમાં તેને ધન્ય કહ્યો છે. અહા, છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિ ચોથાવાળા ગૃહસ્થને મોક્ષમાર્ગમાં સ્વીકારે છે : 'ये तीनों शिवमगचारी' ત્રણે પ્રકારના અંતરાત્મા મોક્ષમાર્ગમાં કેલિ કરનારા છે.—

'केलि करे शिवमारगमें, जगमांहि जिनेश्वरके लघुनंदन ।'

આ રીતે અંતરાત્માની વાત કરી; હવે પરમાત્મા કેવા છે? તે કહે છે : પરમાત્માના બે પ્રકાર—એક સિદ્ધપરમાત્મા; બીજા અરિહન્તપરમાત્મા. સિદ્ધ ભગવાન તો અશરીરી, ચૈતન્યબિંબપણે સિદ્ધાલયમાં અનંતા બિરાજે છે, તેમને શરીર ન હોવાથી 'નિકલ પરમાત્મા' કહેવાય છે. અને અરિહંતભગવાન અઢીદ્વીપ સંબંધી મનુષ્યલોકમાં તેરમા–ચૌદમા ગુણસ્થાને શરીર સહિત વિચરે છે, તેમને 'સકલ પરમાત્મા' કહેવાય છે. 'કલ = શરીર; તેનાથી સહિત તે સકલ; તેનાથી રહિત તે નિકલ. કેવળજ્ઞાનાદિ ગુણો તે બંને પરમાત્માને સરખા છે. પરમાત્માની શી વાત! એમને ઓળખતાં તો આત્માનું સાચું સ્વરૂપ ઓળખાઈ જાય છે. (ક્રમશઃ) ❊

વજધરનાથ સાથ શિવપુરી કરો કહિ,
તુમ દાસ નિશદીસ શીશ નાઈચતુ હૈ. ૧૧



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

### વચનામૃત—૨

અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો અને જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે. આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ. આત્માની લગની લાગવી જોઈએ; તેની પાછળ લાગવું જોઈએ. આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો જોઈએ. 'મારું હિત કેમ થાય?' 'હું આત્માને કઈ રીતે જાણું ?'—એમ લગની વધારીને પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે. ૨.

**'અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો અને જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે.'**

શું કહ્યું? અંતરના ઊંડાણથી—ઉપરટપકે કે એકદમ કલ્પના કરીને એમ નહિ—ધ્રુવ તરફ ઢળવા માટે, ઊંડાણમાંથી પોતાનું હિત સાધવા માટે,—બહારના કોઈ પ્રકારથી 'હિત સાધવું' થઈ શકતું નથી—જે આત્મા અંદરથી જાગ્યો અને જેને આત્માની ખરેખરી લગની લાગી,—કોકને દેખાડવા-બતાવવા માટે નહિ—તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે.

પરનું—દુનિયાનું—હિત કોઈ કાંઈ કરી શકતું નથી. અંદર ભગવાન આત્માને સાધવાની—આત્મહિત પ્રાપ્ત કરવાની—ખરેખરી લગની જેને લાગી છે તેને, આત્માની તે સાચી લગની જ તેનો માર્ગ કરી દેશે. બીજા કોઈ વિકલ્પો કે કોઈ દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે નિમિત્તો સાધન થાય, દેવ-ગુરુની કૃપા થઈ જાય તો મળી જાય—એમ વસ્તુસ્વરૂપમાં છે નહિ. તારી અંદરની સાચી લગની જ તને તારો માર્ગ કરી દેશે.

**'આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ.'**

| શ્રી ચંદ્રાનન જિન-સ્તુતિ | ચંદ્રાનનજિનદેવ સેવ સુર કરહિં જાસુ નિત,<br>પદ્માસન ભગવંત, ડિગત નહિ એક સમય ચિત; |
|---|---|

અંદર આનંદસ્વરૂપ ભગવાન આત્મા ધ્રુવ જ્ઞાયક છે ને? એના તરફ જેને વિશ્વાસમાંથી લગની લાગી છે તેને અંદરમાં માર્ગ મળ્યા વિના રહેશે નહિ.

**‘આત્માની લગની લાગવી જોઈએ; તેની પાછળ લાગવું જોઈએ.’**

વ્યવહારના વિકલ્પો નહિ, નિમિત્તો નહિ, તેનું બહુમાન ને મહિમા નહિ, પણ આત્માની જ લગની લાગવી જોઈએ; જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક શુદ્ધ, એની પાછળ લાગવું જોઈએ. એની સમીપમાં જવું જોઈએ. અહા! ભાષા બહુ ટૂંકી. આત્મા એકલો જ્ઞાયક ધ્રુવ પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ છે, એની પાછળ—એની સમીપમાં, એની સન્મુખ—લાગવું જોઈએ. રળવાની કેવી લગની લાગે છે? સ્વપ્નાં પણ એનાં આવે! એનો છેડો છોડવો ન જોઈએ. અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ અસ્તિપણે છે, મોજૂદ ચીજ છે, એની પાછળ એટલે કે સમીપ જવું જોઈએ; બહારથી હઠવું જોઈએ.

**‘આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો જોઈએ.’**

ભગવાન આત્માને ધ્યેયરૂપ રાખીને, ધ્રુવધામને ધ્યેય બનાવીને, દિવસ ને રાત નિરંતર પુરુષાર્થ કરવો જોઈએ. આકરી છે વસ્તુ! ધ્રુવ જ્ઞાયકધામની ધૂન લાગવી જોઈએ; એને માટે ઘેલો થઈ જવો જોઈએ; એની પાછળ સતત પ્રયત્ન કરવો જોઈએ. અહા! એકલા માખણના ટુકડા છે! સમજાણું કાંઈ?

**‘મારું હિત કેમ થાય ?’ ‘હું આત્માને કઈ રીતે જાણું?’—એમ લગની વધારીને પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે.**

મારું હિત કઈ રીતે થાય? પરનું હિત તો આત્મા કરી શકતો નથી. પર તો જ્યાં હશે ત્યાં રહેશે, પરમાં તારી ચિંતા નિરર્થક જશે. શરીર, વાણી, કર્મ કે પર જે ક્ષેત્રે, જે સ્થિતિએ, જેમ છે તેમ રહેશે; તારી ચિંતાથી, જે જ્યાં છે ત્યાંથી ફેરફાર થશે એમ નથી. તેને કરવા–ફેરવવાની તારી ચિંતા વ્યર્થ જશે. મારું હિત શી રીતે થાય? હું આત્માને કઈ વિધિએ જાણું? એમ અંદરની તાલાવેલી વધારીને પ્રયત્ન કરે તો માર્ગ જરૂર મળે.

અહા! સમયસારની છઠ્ઠી ગાથામાં—એ શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?—આમ શિષ્યનો અંદરની ધગશથી પ્રશ્ન છે. શિષ્યે બીજી કોઈ વાત

પુંડરિનગરી જનમ, માતુ પદમાવતિ જાયે,
વૃષલચ્છન પ્રભુચરણ, ભવિક આનંદ જુ પાયે;

પૂછી નથી. છ દ્રવ્ય, તેના ગુણો ને પર્યાયો, દેવ–શાસ્ત્ર–ગુરુ વગેરે કાંઈ નહિ, પણ શુદ્ધ આત્મા એ છે કોણ, કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? આવી ધગશવાળા શિષ્યને શ્રી અમૃતચંદ્ર-આચાર્યદેવ ઉત્તર આપે છે. સાધારણ વેઠ તરીકે સાંભળવા આવે; કાંઈક ને કાંઈક સાંભળવું;–એની અહીં વાત નથી. શિષ્ય જિજ્ઞાસાથી સાંભળવા આવ્યો છે; નજીકમાં આવીને નમ્રતાથી પૂછે છે; તેને ઉત્તર દેવામાં આવ્યો છે.

સમયસારની એક–એક ગાથા ગજબની વાત છે બાપુ! એમાંથી આ માખણ પાછું બેનનું! અહીં એમ કહ્યું : મારું હિત કેમ થાય? એવો પ્રશ્ન છે, ને ત્યાં છઠ્ઠી ગાથામાં એનો ઉત્તર છે. અહા! એ તે શુદ્ધસ્વરૂપ છે કોણ કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? આવી, શુદ્ધના સ્વરૂપને સમજવાની જિજ્ઞાસા ને ધગશ થઈ છે, ગુરુ કહે છે કે, એના માટે અમારો ઉત્તર છે. વિકલ્પ ઊઠ્યો છે એને આ રીતે, અને અહીં વિકલ્પ પણ તે રીતે ઊઠ્યો છે. એને માટે ઉત્તર કહ્યો છે કે જ્ઞાયક છે તે શુદ્ધ છે. મારું હિત શું છે? શુદ્ધને સાધવું તે હિત છે; બાકી બધી વાતો છે.

વિશેષ કહેતાંય ન આવડે, દુનિયાને સમજાવતાંય ન આવડે, તેથી કાંઈ વસ્તુ વહી જતી નથી. ફક્ત મારો નાથ શુદ્ધ છે, તેનું શું સ્વરૂપ છે? બસ, તે અમારે જાણવું છે. અમારો પ્રભુ અંદર શુદ્ધ—જે આપ શુદ્ધ આત્માની વ્યાખ્યા કરો છો એ એકત્વવિભક્ત—કોણ છે પ્રભુ! કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? અહીં કહે છે—મારું હિત કેમ થાય? હું આત્માને કઈ રીતે જાણું? અહા! થોડામાં બહુ ભર્યું છે.

લોકોની 'વચનામૃત' ઉપર પ્રવચનોની માગણી હતી, પણ થયું કે સૌના હાથમાં પુસ્તક હોય તો વધારે ઠીક પડે. હવે તો પુસ્તકો ઘણાં છપાઈ ગયા. ઓલી ચોપડી આવી છે ને?—અધ્યાત્મ–પીયૂષ. પાંચ હજાર છપાઈ છે. આ વચનામૃત–પુસ્તકમાંથી થોડુંક તારવીને છપાવી છે. નામ 'અધ્યાત્મ–પીયૂષ' રાખ્યું છે; અધ્યાત્મપીયૂષ એટલે અધ્યાત્મ અમૃત.

અહીં બસ, એક જ વાત છે : હું આત્માને—મારું સ્વરૂપ છે તેને—કઈ રીતે જાણું? શાસ્ત્રો આવડે કે ન આવડે, બોલતાં આવડે કે ન આવડે, સમજાવતાં આવડે કે ન આવડે—એનું મારે કાંઈ નહિ; ફક્ત હું આત્માને કઈ રીતે જાણું? સમજવામાં પણ એવું લક્ષ રહે કે કાંઈક પકડાય તો દુનિયા પાસે આપણે મૂકીએ, આપણી વાત ઠીક

લાગે તો લોકો રાજી થાય,—એ હેતુ નહિ. એ વાત કહી છે ને મોક્ષમાર્ગપ્રકાશકમાં? અહીં તો કહે છે : હું આત્માને—મારો નાથ શુદ્ધ સ્વરૂપ છે તેને–કઈ રીતે જાણું? એની વિધિ શી છે?

સમયસારની ૭૩મી ગાથાના મથાળામાં શિષ્યનો પ્રશ્ન છે : આસ્રવથી નિવૃત્ત થવાની વિધિ શી છે? પુણ્ય–પાપના ભાવથી—આસ્રવોથી—લાભ થાય તે તો પ્રશ્ન છે જ નહિ, પણ એથી નિવર્તવાની વિધિ પૂછી છે. આસ્રવો કરવાથી લાભ થાય ને તે કરવાની વિધિ શી છે?—એ પ્રશ્ન તો એને ઊડી ગયો છે. અત્યારે તો મોટા વાંધા એમાં થઈ ગયા છે. એ આસ્રવોથી નિવર્તવાની વિધિ શી છે? એમ પૂછ્યું ત્યારે કહ્યું કે : સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા જેવો જોયો તેવો વિકલ્પથી નિર્ણય કર. પછી વિકલ્પને છોડી દે.

સર્વજ્ઞ ભગવાને આત્મા—જે અસંખ્યપ્રદેશી છે તે—જોયો એવો બીજા કોઈએ જોયો નથી. આત્માના અસંખ્યપ્રદેશીપણાની વાત સર્વજ્ઞ ભગવાન સિવાય બીજે કોઈ ઠેકાણે—ક્યાંય આવતી નથી. તેથી સર્વજ્ઞ ભગવાને જોયો છે એવો આત્મા પામવાની—આસ્રવથી નિવર્તવાની—વિધિ શી છે? તો કહ્યું : પહેલાં વિકલ્પથી નિર્ણય કર, બીજાઓ કહે છે એનાથી જુદું પાડવા માટે. આત્મા અસંખ્યપ્રદેશી દ્રવ્ય છે, તેના સર્વ પ્રદેશે અનંત ગુણો છે, એની અનંત પર્યાય છે—એવી વાત બીજે ક્યાંય નથી.

પોતાના હિતને માટે પ્રથમ વિકલ્પથી નિર્ણય કરવા માંડ્યો કે—હું એક છું, શુદ્ધ છું, મમત્વહીન છું અને જ્ઞાનદર્શનપૂર્ણ છું વગેરે. નિર્ણય થતાં વિકલ્પ તોડીને તે અંદર પેસશે. અહા! આ ઉપદેશની શૈલી બીજી જાતની છે! પાંચ ઈન્દ્રિયો વગેરે બધું બહારનું બંધ કરીને, અંતરથી નિર્ણય કરે છે કે—હું શુદ્ધ છું, અખંડ છું, અનાદિ–અનંત છું, કર્તા–કર્મ–કરણ વગેરે કારકોના ભેદથી રહિત ત્રિકાળ અનુભૂતિસ્વરૂપ છું. ત્યાં અનુભૂતિ ત્રિકાળી છે, પર્યાયની વાત નથી. અહા! ગજબ કામ કર્યું છે ને! સંતોએ તો જગતને ન્યાલ કરી દીધું છે! આત્મા આમ હથેળીમાં બતાવ્યો છે : જો આ, જો આ; તારી નજર તો કર. તારી નજરું પરમાં છે તેને પલટાવ ભાઈ!

હું આત્માને કઈ રીતે જાણું? એમ અંદરથી લગની લગાડીને—ભલે છે તો વિકલ્પ—પ્રયત્ન કર. જરૂર માર્ગ હાથ આવશે. (જુઓ અનુસંધાન પેજ નં. ૨૭ ઉપર)

| | |
|---|---|
| શ્રી ચંદ્રબાહુ જિન-સ્તુતિ | લક્ષણ પદ્મ રેણુકા જનની, નગર વિનીતા જિનકો ગાંવ,<br>તીન લોકમેં કીરતિ જિનકી, ચંદ્રબાહુ જિન તિનકો નાંવ; |

## ધર્મીજીવની સાત તત્ત્વોની શ્રદ્ધા

(૧) જ્ઞાયકભાવ સાથે જીવને અભેદપણું છે એવી શ્રદ્ધા થઈ તેમાં જ્ઞાયકસ્વભાવી જીવની પ્રતીત આવી ગઈ.

(૨) પોતાના જ્ઞાયકભાવની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતા જીવને અજીવ સાથે એકપણું નથી તેમ જ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતા અજીવને જીવ સાથે એકપણું નથી. એ રીતે અજીવતત્ત્વની શ્રદ્ધા પણ આવી ગઈ.

(૩-૪) હવે, જ્ઞાયકભાવે પરિણમતો સાધકજીવ તે તે કાળના રાગાદિને પણ જાણે છે, પરંતુ તે રાગાદિને પોતાના શુદ્ધ જીવ સાથે તન્મય નથી જાણતો, પણ આસ્રવ-બંધ સાથે તેને તન્મય જાણે છે. એ રીતે આસ્રવ અને બંધ તત્ત્વોની શ્રદ્ધા પણ આવી ગઈ.

(૫-૬) જ્ઞાયકસ્વભાવના આશ્રયે પોતાને શ્રદ્ધા-જ્ઞાન-આનંદ વગેરેના નિર્મળ પરિણામો થાય છે તે સંવર-નિર્જરા છે. તેને પણ જ્ઞાની જાણે છે, એટલે સંવર-નિર્જરાની પ્રતીત પણ આવી ગઈ.

(૭) સંવર-નિર્જરારૂપ અંશે શુદ્ધપર્યાયપણે તો પોતે પરિણમે જ છે ને પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષદશા કેવી હોય તે પણ પ્રતીતમાં આવી ગયું છે, એટલે મોક્ષતત્ત્વની શ્રદ્ધા પણ આવી ગઈ. આ રીતે જ્ઞાયકભાવની ક્રમબદ્ધપર્યાયપણે પરિણમતા જીવને સાતે તત્ત્વોની પ્રતીત આવી જ ગઈ છે.

## અજ્ઞાનીને સાતે તત્ત્વોમાં ભૂલ.

(૧-૨) અજ્ઞાનીને પોતાના જ્ઞાયકભાવની ખબર નથી અને શરીરાદિ અજીવની ક્રમબદ્ધપર્યાયોને હું ફેરવી શકું છું એમ તે માને છે, એટલે અજીવ સાથે પોતાની એકતા માને છે. તેથી તેને જીવ-અજીવ તત્ત્વની શ્રદ્ધામાં ભૂલ છે.

(૩-૪) વળી શુભરાગ વગેરે પુણ્યભાવ થાય તે આસ્રવ સાથે તન્મય છે તેને બદલે તેને ધર્મ માને છે, એટલે શુદ્ધજીવ સાથે એકમેક માને છે. તેથી તેને આસ્રવ-બંધ તત્ત્વોની શ્રદ્ધામાં ભૂલ છે.

(૫-૬) આત્માની શુદ્ધ વીતરાગી દશા તે સંવર-નિર્જરા છે. તેને બદલે પંચ મહાવ્રતાદિ શુભરાગને સંવર-નિર્જરા માને છે. તેથી તેને સંવર-નિર્જરા તત્ત્વની શ્રદ્ધામાં ભૂલ છે.

(૭) અને મોક્ષનું કારણ પણ તેને વિપરીત માન્યું તેથી તેને મોક્ષ તત્ત્વની શ્રદ્ધામાં પણ ભૂલ છે.

આમ અજ્ઞાનીને સાતે તત્ત્વોની શ્રદ્ધામાં ભૂલ છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—શુદ્ધાત્માની રુચિરૂપ સમ્યગ્દર્શનને નિશ્ચય સમ્યગ્દર્શન કહ્યું છે તે નિશ્ચય સમ્યગ્દર્શનને સરાગસમ્યક્ અને વીતરાગસમ્યક્ એવા બે ભેદરૂપ કેમ કહેવામાં આવે છે?**

ઉત્તર :—નિશ્ચય સમ્યગ્દર્શનની સાથે વર્તતા રાગને બતાવવા માટે નિશ્ચય સમ્યક્ત્વને સરાગ સમ્યક્ત્વ કહેવામાં આવે છે. ત્યાં સમ્યગ્દર્શન તો નિશ્ચય છે પણ સાથે વર્તતો શુભરાગનો વ્યવહાર છે તેનો સંબંધ બતાવવા સરાગ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. ગૃહસ્થાશ્રમમાં રહેલાં તીર્થંકર, ભરત, સગરચક્રી, રામ, પાંડવ આદિને સમ્યગ્દર્શન તો નિશ્ચય હતું છતાં તેની સાથે વર્તતા શુભરાગનો સંબંધ બતાવવા તેમને સરાગ સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. અહીં વીતરાગતાનું વજન દેવું છે તેથી નિશ્ચય સમ્યક્ત્વ હોવા છતાં સરાગ સમ્યક્ત્વ કહ્યું છે અને તેને વીતરાગ સમ્યક્ત્વનું પરંપરા સાધક કહ્યું છે. શુદ્ધાત્માની રુચિરૂપ નિશ્ચય સમ્યગ્દર્શનમાં સરાગ વીતરાગના ભેદ નથી. છે તો વીતરાગ સમ્યગ્દર્શન, પણ જ્યાં સ્થિરતાની મુખ્યતાનું કથન ચાલતું હોય ત્યાં સમ્યક્ત્વની સાથે વર્તતા રાગનો સંબંધ ગણીને તેને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે અને રાગરહિત સંયમવાળાને વીતરાગ સમ્યક્ત્વ કહ્યું છે. જેવો વીતરાગ સ્વભાવ છે તેવું પર્યાયમાં વીતરાગી પરિણમન થયું છે તેથી તેને વીતરાગી સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

**પ્રશ્ન :—જ્ઞાન પ્રાપ્તિનું ફળ તો રાગનો અભાવ થવો તે છે ને?**

ઉત્તર :—રાગનો અભાવ એટલે રાગથી ભિન્ન આત્માના અનુભવ પૂર્વક ભેદજ્ઞાન થયું છે તેમાં રાગના કર્તાપણાનો—સ્વામીપણાનો અભાવ થયો—રાગમાંથી આત્મબુદ્ધિ છૂટી ગઈ તે રાગનો પહેલા નંબરનો અભાવ થયો.

**પ્રશ્ન :—સમ્યગ્દર્શન સહિત નરકવાસને પણ ભલો કહ્યો છે ને? નરકમાં સમ્યગ્દષ્ટિને આનંદની ગટાગટી છે ને?**

ઉત્તર :—એ તો સમ્યગ્દર્શનની અપેક્ષાએ કહ્યું છે પણ ત્યાં જેટલો કષાય છે એટલું દુઃખ છે. ત્રણ કષાય છે એટલું દુઃખ છે. મુનિને ઘાણીમાં પીલે, સળગાવે છતાં ત્રણ કષાય નથી એથી એને આનંદ હોય છે.

**દેવાનંદ ભૂમિપતિકે સુત, નિશિવાસર બંદહિં સુર પાંવ,**
**ભરત ક્ષેત્રતૈં કરહિ વંદના, તે ભવિજન પાવહિં શિવઠાંવ. ૧૩**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન* :—આપ વારંવાર કહો છો કે દેવ–શાસ્ત્ર–ગુરુને હૃદયમાં સ્થાપીને મુક્તિના પ્રયાણ કરજે, અને કુંદકુંદાચાર્યદેવ પર્યાયને ગૌણ કરવાનું કહે છે. તે આ બંને વાતની સંધિ કેવી રીતે કરવી? મને મૂંઝવણ થાય છે.**

**સમાધાન** :—દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા તેનો અર્થ એમ છે કે જે પોતે આગળ વધવા માંગે છે તેણે દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહી રહ્યાં છે, તેમણે શું માર્ગ બતાવ્યો છે, તે હૃદયમાં રાખીને—તેનો આશય ગ્રહણ કરીને—મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખવાં પણ તેથી શુભભાવમાં અટકી જવું એવો તેનો અર્થ નથી. પોતે દ્રવ્યદૃષ્ટિપૂર્વક સ્વરૂપમાં લીન થતો હોય ત્યારે શુભ વિકલ્પમાં અટકી જવું એવો તેનો અર્થ નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ જ બતાવી રહ્યાં છે કે શુભ વિકલ્પ છે તે વિભાવ છે અને તું બધાથી નિરાળું નિર્વિકલ્પ તત્ત્વ છે. તું અમારા ઉપરથી પણ દૃષ્ટિ ઉઠાવી દે, રાગનો ભાવ છોડી દે ને વીતરાગ થઈ જા. તેમ દેવ-શાસ્ત્ર-ગુરુ પોતે બતાવી રહ્યા છે. માટે પ્રયોજન તો વીતરાગતા કરવાનું છે. પણ સાધક છે એટલે પહેલાંથી વીતરાગતા પૂર્ણ થઈ જતી નથી ને તેનો ઉપયોગ બહાર આવે છે. ભેદજ્ઞાનની ધારા ચાલતી હોય ત્યારે પણ શુભના અનેક જાતના વિકલ્પો હોય છે. માટે શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુને તારે સાથે રાખવા. તું તારી મેળાએ—તારી મતિ-કલ્પનાથી માર્ગને શોધીશ નહિ. દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહી રહ્યાં છે તેનો આશય સમજીને તું તે માર્ગે ચાલજે, મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખજે. દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહે છે તે આશય સમજીને પછી સ્વભાવ સાથે મેળવી, તારા પોતાથી નિર્ણય કરી—નક્કી કરી મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખજે. તારી મતિ-કલ્પનાથી તું માર્ગમાં ચાલતો નહિ એવો અર્થ છે.

પર્યાય ઉપરથી દૃષ્ટિ છૂટી, હું શુદ્ધ છું, હું અશુદ્ધ છું એવા નયપક્ષના વિકલ્પો તથા ગુણભેદના વિકલ્પ પણ છૂટી જાય છે ત્યારે દ્રવ્યદૃષ્ટિ થાય છે, તે મુક્તિનો માર્ગ છે. એમ દેવ-શાસ્ત્ર-ગુરુ બતાવે છે. માટે તેઓ શું કહી રહ્યા છે તે આશયને સમજીને

**શ્રી ભુજંગમ જિન-સ્તુતિ**

**મહિમા માત મહાબલરાજા, લચ્છન ચંદ ધુજા પર નીકો,**
**વિજય નગ્ર ભુજંગમ જિનવર, નાંવ ભલો જગમેં જિનહીકો;**

મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખજે એમ કહેવાનો આશય છે.

વળી, ક્ષપકશ્રેણી માંડી બારમા ગુણસ્થાને પહોંચે તે પહેલાં વચ્ચે દ્રવ્ય-ગુણ-પર્યાયના અબુદ્ધિપૂર્વક વિચાર આવે છે, શ્રુતના વિચાર આવે છે તે વિચાર તૂટી પૂર્ણ વીતરાગ થાય ત્યારે કેવળજ્ઞાન થાય છે. તે શ્રુતના વિચાર વસ્તુસ્થિતિ અનુસાર હોય છે, બીજી જાતના નથી હોતા. માટે જે માર્ગે મહાપુરુષો ચાલ્યા તે માર્ગે ચાલવું તેવો તેનો અર્થ છે.

**પ્રશ્ન** :—*વિકલ્પ કેમ ટળે?*

**સમાધાન** :—પોતાની ઘણી તૈયારી હોય ત્યારે વિકલ્પ ટળે છે. અનાદિકાળથી એકત્વબુદ્ધિનો અભ્યાસ છે, શરીર તરફ એકત્વબુદ્ધિ છે. ક્ષણે ક્ષણે શરીર તે હું ને હું તે શરીર, વિભાવ તે હું ને હું તે વિભાવ એવી એકત્વબુદ્ધિ છે. તે એકત્વબુદ્ધિ તૂટે અને સ્વભાવની મહિમા આવે, હું તો એક જ્ઞાયક છું એમ સ્વભાવની લગની લાગે, અંદરથી તાલાવેલી જાગે તો વિભાવનો રસ નીતરી જાય—ઊતરી જાય. જોકે પછી અમુક વિભાવ ઊભો રહે છે, પણ તેનો બધોય રસ ઊતરી જાય છે, અને પોતાના સ્વભાવની મહિમા—પ્રેમ વિના ક્યાંય રુચે નહિ, એટલી તૈયારી થાય ત્યારે જ્ઞાયકની દૃષ્ટિ કરે. જ્ઞાયકની દૃષ્ટિ ક્યારે થાય? સ્વભાવની મહિમા આવ્યા વિના અને વિભાવનો રસ ઊતર્યા વગર જ્ઞાયકની દૃષ્ટિ થતી નથી. બહારમાં દૃષ્ટિ જાય છે, તે બધો રસ ઊતરી જાય અને સ્વભાવની મહિમા આવે તો વિભાવનો રસ નીતરી જાય. સ્વભાવની લગની લાગે તો વિભાવનો રસ ઊતરે, અને વિભાવનો રસ ઊતરે તો સ્વભાવની દૃષ્ટિ થાય અને વિકલ્પ છૂટે.

**પ્રશ્ન** :—*શરૂઆત તો વિકલ્પથી કરવી પડે ને?*

**સમાધાન** :—હું શુદ્ધ છું, જ્ઞાયક છું એમ શરૂઆતમાં વિકલ્પ થયા કરે, પણ વિકલ્પની પાછળ નિર્વિકલ્પ તત્ત્વ છે એમ તેનું ધ્યેય હોવું જોઈએ. (વિકલ્પ વચ્ચે આવે છે.) છતાં વિકલ્પમાત્રથી નથી થતું, હું તો નિર્વિકલ્પ તત્ત્વ છું એવું ધ્યેય હોવું જોઈએ. જ્ઞાયક છું એવા વિકલ્પ આવે તે હું નથી, હું તો નિર્વિકલ્પતાથી ને આનંદ આદિ ગુણોથી ભરેલો જ્ઞાયક છું અને તે ધ્યેય હોવું જોઈએ. વિકલ્પમાત્ર કરવાથી મેં બધું કરી લીધું એવી દૃષ્ટિ ન હોવી જોઈએ, હજી ઊંડે પહોંચવાનું બાકી જ છે.

**ગણધર કહૈ સુનો ભવિલોકો, જાપ જપો સબહી જિનજીકો,**
**જાસ પ્રસાદ લહૈ શિવમારગ, વેગ મિલે નિજસ્વાદ અમીકો. ૧૪**

**બાળ વિભાગ**

## કપિલ બ્રાહ્મણની કથા

વનવાસ દરમ્યાન વનમાં ભ્રમણ કરતાં સીતાજીને તરસ લાગી અને તેઓ આગળ વધતા એક ગામમાં આવ્યા અને કપિલ બ્રાહ્મણને ઘરે આવ્યા, બ્રાહ્મણીએ સીતાજીને પાણી આપ્યું એટલી વારમાં કપિલ બ્રાહ્મણ આવ્યો અને રામચંદ્રજી આદિને અપશબ્દો કહ્યા તેથી સીતાજીએ કહ્યું આવા ક્રોધીના ઘરમાં નથી રહેવું અને તેઓએ વન તરફ પ્રયાણ કર્યું, વર્ષાઋતુનો સમય હતો, રસ્તામાં એક વડની મોટી બખોલ જોઈ તે ઘર જેવી લાગતી હતી માટે ત્યાં રોકાણા. ત્યાં એક દંભકર્ણ નામનો યક્ષ રહેતો હતો. તેણે આવા તેજસ્વી પુરુષોને દેખીને પોતાના સ્વામીને વાત કરી તેણે આવીને અવધિજ્ઞાનથી જાણી લીધું કે આ બળભદ્ર—નારાયણ છે માટે તેમના પ્રતિ વાત્સલ્ય થયું અને ક્ષણમાત્રમાં તેઓ જ્યાં સૂતા હતા ત્યાં એક મનોજ્ઞ નગરીનું નિર્માણ કર્યું યક્ષાધિપતિએ રામ માટે નગરીનું નિર્માણ કર્યું હોવાથી તે રામપુરી કહેવાણી. સવારે બ્રાહ્મણ જ્યારે લાકડા લેવા વનમાં ગયો તો સુંદર નગરી જોઈ અને રસ્તામાં એક યક્ષીણી પૂછ્યું કે આ નગરીના રાજાને કઈ રીતે મળી શકું અને યક્ષિણના કહ્યા અનુસાર તેણે મુનિરાજ પાસે જઈને ધર્મશ્રવણ કર્યું અને ઘરે ગયો....

હર્ષથી જેના નેત્ર ખીલી ઊઠ્યાં છે એવો તે સ્ત્રીને કહેવા લાગ્યો : હે પ્રિયે! મેં આજ ગુરુની પાસે અદ્ભુત જિનધર્મ સાંભળ્યો છે જે તારા બાપે, મારા બાપે અથવા બાપના બાપે પણ સાંભળ્યો નહોતો અને હે બ્રાહ્મણી! મેં એક અદ્ભુત વન જોયું. તેમાં એક મહામનોજ્ઞ નગરી જોઈ. જેને જોઈને અચરજ ઉપજે. પરંતુ મારા ગુરુના ઉપદેશથી અચરજ થતું નથી. ત્યારે બ્રાહ્મણીએ કહ્યું કે હે વિપ્ર! તે શું જોયું અને શું શું સાંભળ્યું તે કહે. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે હે પ્રિયે! હું હર્ષનાં કારણે કહેવાને સમર્થ નથી.

પછી બ્રાહ્મણીએ ઘણો આદર કરી વારંવાર પૂછ્યું તેથી બ્રાહ્મણે કહ્યું કે હે પ્રિયે! હું લાકડાં લેવા વનમાં ગયો હતો. તે વનમાં એક રામપુરી નામની નગરી જોઈ. તે નગરીની સમીપે ઉદ્યાનમાં એક સુંદર સ્ત્રીને જોઈ. તે અતિમિષ્ટભાષી કોઈ દેવી હશે. મેં પૂછ્યું કે આ નગરી કોની છે? ત્યારે તેણે જવાબ આપ્યો આ રામપુરી છે, અહીં રાજા રામ શ્રાવકોને મનવાંછિત ધન આપે છે. પછી હું મુનિ પાસે ગયો અને મેં જિનનાં વચનો સાંભળ્યાં અને મારો આત્મા ખૂબ તૃપ્તિ પામ્યો. મિથ્યાદષ્ટિના કારણે અત્યાર સુધી મારો આત્મા આતાપયુક્ત હતો તે આતાપ ગયો. જિનધર્મ પામીને મુનિરાજ મુક્તિની અભિલાષાથી સર્વ પરિગ્રહ ત્યજીને મહાન તપ કરે છે. તે અરિહંતનો ધર્મ ત્રણ લોકમાં એક મહાન નિધિ છે તે મેં પ્રાપ્ત કર્યો. આ બહિર્મુખ જીવો વૃથા ક્લેશ કરે છે, પછી તેણે મુનિ પાસેથી જિનધર્મનું જેવું સ્વરૂપ સાંભળ્યું હતું તેવું બ્રાહ્મણીને કહ્યું. જૈન ધર્મનું સ્વરૂપ ઉજ્જવળ છે.

બ્રાહ્મણનું ચિત્ત નિર્મળ થયું છે. પછી બ્રાહ્મણી સાંભળીને કહેવા લાગી કે હું પણ તારા પ્રસાદથી જિનધર્મની રુચિ કરું છું. જેમ કોઈ વિષફળનો અર્થી મહાન નિધિ પામે

**શ્રી ઈશ્વર જિન-સ્તુતિ**

ઇશ્વરદેવ ભલી યહ મહિમા, કરહિ મૂલ મિથ્યાતમનાશ,
જસ જ્વાલા જનની જગકહિયે, મંગલસૈન પિતા પુનિ પાસ;

તેવી જ રીતે કાષ્ટાદિના અર્થી અને ધર્મની ઈચ્છારહિત એવા તેં શ્રી અરિહંતના ધર્મનું રસાયણ મેળવ્યું છે. અત્યાર સુધી તેં ધર્મ જાણ્યો નહોતો. આપના આંગણે આવેલા સત્પુરુષોનો અનાદર કર્યો હતો, ઉપવાસાદિથી ખેદખિન્ન દિગંબરોને કદી પણ આહાર આપ્યો નહોતો, ઈન્દ્રાદિથી વંદ્ય અરિહંતદેવને છોડીને જ્યોતિષી, વ્યંતરાદિકોને પ્રણામ કર્યા. જીવદયારૂપ જિનધર્મનું અમૃત છોડીને અજ્ઞાનના યોગથી પાપરૂપ વિષનું સેવન કર્યું હતું.

મનુષ્ય દેહરૂપ રત્નદીપ પામીને સાધુઓએ ઓળખેલું ધર્મરૂપ રત્ન ત્યજીને વિષયરૂપ કાંચનો ટુકડો લીધો હતો. સર્વભક્ષી, દિવસે અને રાત્રે આહાર કરનારા, અવ્રતી, કુશીલવાનોની સેવા કરી, ભોજનના સમયે અતિથિ આવે અને જે બુદ્ધિહીન પોતાના વૈભવના પ્રમાણમાં અન્નપાનાદિ ન દે, તેમને ધર્મ હોતો નથી. અતિથિપદનો અર્થ એમ કે તિથિ એટલે કે ઉત્સવના દિવસે ઉત્સવનો ત્યાગ કરે તે. અથવા જેને તિથિ એટલે કે વિચાર નથી તે સર્વથા નિઃસ્પૃહ ધનરહિત સાધુ. જેમની પાસે પાત્ર નથી, હાથ જ જેમનું પાત્ર છે તે નિર્ગ્રંથ પોતે તરે અને બીજાને તારે. પોતાના શરીરમાં પણ નિઃસ્પૃહ, કોઈ વસ્તુમાં જેમને લોભ નથી, તે નિષ્પરિગ્રહી મુક્તિ માટે દશલક્ષણધર્મ આચરે છે. આ પ્રમાણે બ્રાહ્મણે બ્રાહ્મણીને ધર્મનું સ્વરૂપ કહ્યું.

તે સુશર્મા નામની બ્રાહ્મણી ધર્મ સાંભળીને મિથ્યાત્વરહિત થઈ. જેમ ચંદ્રમાને રોહિણી શોભે, બુધને ભરણી શોભે તેમ કપિલને સુશર્મા શોભતી હતી. બ્રાહ્મણ બ્રાહ્મણીને તે જ ગુરુની પાસે લઈ ગયો કે જેની પોતે વ્રત લીધાં હતાં. તેણે સ્ત્રીને પણ શ્રાવિકાનાં વ્રત અપાવ્યાં. કપિલને જૈનધર્મ પ્રત્યે અનુરાગી થયેલો જાણીને બીજા અનેક બ્રાહ્મણો પણ સમભાવ ધારણ કરવા લાગ્યા. મુનિસુવ્રતનાથનો મત પામીને અનેક સુબુદ્ધિ જીવો શ્રાવક-શ્રાવિકા થયા. વળી જે કર્મના ભારથી સંયુક્ત, માનથી ઊંચું મસ્તક રાખનારા, પ્રમાદી જીવો થોડા જ કાળમાં પાપ કરીને ઘોર નરકમાં જાય છે. કેટલાક ઉત્તમ બ્રાહ્મણો સર્વ સંગનો પરિત્યાગ કરી મુનિ થયા. વૈરાગ્યથી ભરેલા તે વનમાં આમ વિચરતા હતા કે આ જિનેન્દ્રનો માર્ગ અત્યાર સુધી અન્ય જન્મમાં પ્રાપ્ત થયો નહોતો, હવે અત્યંત નિર્મળ ધ્યાનરૂપ અગ્નિમાં કર્મરૂપ સામગ્રી ભાવઘૃત સહિત હોમીશું. જેમને ઉત્કૃષ્ટ વૈરાગ્ય પ્રગટ્યો હોય તે મુનિ જ થયા અને કપિલ બ્રાહ્મણ શ્રાવક થયો. (ક્રમશઃ) ❊

નગરી જસ સુસીમા ભનિયે, દિનપતિ ચર્ણ રહૈ નિત તાસ,
તિનકો ભાવસહિત નિત બંદૈ, એકચિત્ત નિહચૈ તુમ દાસ. ૧૫

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ) (ઈષ્ટોપદેશ)

હો કે વનમાં એકલા હો પણ બધેથી નિરાળા રહે છે. તે સદા પોતાને સર્વાંગ શુદ્ધ સ્વરૂપે વિચાર કરે છે. તેને પર સાથે તો કાંઈ સંબંધ નથી. તથા અશુભરાગથી તો ભિન્ન છે પણ જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એવા ઊંચામાં ઊંચા શુભરાગથી પણ ધર્મી ભિન્ન-તરતા ને તરતા રહે છે કેમકે સ્વભાવની અને શુભરાગની જાત જુદી છે, ભાત જુદી છે અને તેનું ફળ પણ જુદું છે એવો ધર્મીને શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ વર્તે છે.

અજ્ઞાનીને શુભરાગ અને શરીરની ક્રિયાથી લાભ માનીને પોતાનું બહુ મોટું નુકશાન કર્યું છે. શ્રદ્ધામાં આત્માને નાસ્તિકરૂપે કરી દીધો છે અને રાગ તથા શરીરની ક્રિયાને અસ્તિરૂપે કરી દીધી છે તેને કરુણાવંત સંતો કહે છે અરે ભગવાન! તેં તારું અસ્તિત્વ ક્યાં લગાડી દીધું? જરા વિચાર તો કર!

વનવાસી દિગંબર સંત આચાર્ય પૂજ્યપાદસ્વામી ધર્મીની દશાની મહિમા કરતા કહે છે કે જેણે રાગથી અને પરથી ભિન્ન પોતાના આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા પ્રાપ્ત કરી છે એવા ધર્મી બોલે છતાં અબોલ, ચાલે છતાં ચાલતા નથી અને દેખે છતાં દેખતા નથી એવી તેની ચાલ જગતથી નિરાળી છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ) (અનુભવપ્રકાશ)

દુશ્મન છે. આ મોહ તે આત્માનો ઊંધો ભાવ છે. તે અનાદિથી જીવને સંસારમાં નચાવે છે. ધર્મના બહાને અનેક ક્રિયા કરે છે. તે બધા મોહથી નાચી રહ્યા છે. આત્મા જ્ઞાયક છે એવી વાત સાંભળવામાં કંટાળો આવે છે અને કોઈ કહે કે રાગ ઘટાડો તો ધર્મ થઈ જશે ત્યાં તેને હોંશ આવે છે. તે મિથ્યાત્વભાવની રુચિવાળો છે. તે સંસારમાં રખડે છે. મિથ્યાત્વ સેવીને હરખ માની માનીને સંસારમાં પરિભ્રમણ કરે છે. જો કોઈ ત્યાગની વાત કરે, ધનથી ધર્મ થશે અને ધર્મથી ધન મળશે—આવી વાતો કરે તો ત્યાં હરખ માની માનીને જીવો મિથ્યાત્વ સેવી રહ્યા છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૦ થી ચાલુ) (બહેનશ્રીનાં વચનામૃત પ્રવચન)

પ્રશ્ન :—વિકલ્પથી સાધ્ય થાય?

ઉત્તર :—વિકલ્પ છે પણ છતાંય એમ કરીને છોડે છે અંદર. એ વિકલ્પ તૂટીને જરૂર હાથ આવશે. લગની લાગે કે 'આ, આ, આ'—એટલો ભેદ છે ને? લગની આત્મામાં લગાવું એટલો પણ હજી ભેદ—વિકલ્પ છે. એને છોડીને અંદર માર્ગ જરૂર હાથ આવે. તને જરૂર માર્ગ હાથ આવશે. બીજો બોલ પૂરો થયો. (ક્રમશઃ) ❊

## બાળકો માટે

# ભરતક્ષેત્રના વર્તમાન તીર્થંકર સંબંધી માહિતિ

નોંધ : ચોવીસ તીર્થંકરના નામ ક્રમ ગતાંકમાં આપેલ છે તેથી ક્રમ અનુસાર ભગવાનનું નામ સમજી લેવું.

| ક્રમ | આહારદાન દાતા | નગર | ગણધર સંખ્યા | મુખ્ય ગણધર | મોક્ષ સ્થાન | ટૂંકનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રેયાંસરાજા | હસ્તિનાપુર | ૮૪ | વૃષભસેન | કૈલાસ પર્વત | |
| ૨ | બ્રહ્મદત્ત | અયોધ્યા | ૯૦ | સિંહસેન | સમ્મેદશિખર | સિદ્ધવરકૂટ |
| ૩ | સુરેન્દ્રદત્ત | શ્રાવસ્તિ | ૧૦૫ | ચારુસેન | સમ્મેદશિખર | ધવલકૂટ |
| ૪ | ઈન્દ્રદત્ત | અયોધ્યા | ૧૦૩ | વજ્રનાભિ | સમ્મેદશિખર | આનંદકૂટ |
| ૫ | પદ્મદત્ત | વિજયપુરી | ૧૧૬ | ચમર | સમ્મેદશિખર | અવિચલકૂટ |
| ૬ | સોમદત્ત | મંગલપુરી | ૧૧૦ | વજ્રચમર | સમ્મેદશિખર | મોહનકૂટ |
| ૭ | મહેન્દ્રદત્ત | સોમખંડ | ૯૫ | બલદત્ત | સમ્મેદશિખર | પ્રભાસકૂટ |
| ૮ | સોમદત્ત | નલિનાપુર | ૯૩ | દત્ત | સમ્મેદશિખર | લલિતકૂટ |
| ૯ | પુનર્વસુ | શૈતપુર | ૮૮ | વિદર્ભ | સમ્મેદશિખર | સુપ્રભકૂટ |
| ૧૦ | નંદન | અરિષ્ટપુર | ૮૧ | અનગાર | સમ્મેદશિખર | વિદ્યુત્પ્રભકૂટ |
| ૧૧ | સોન્દર | સિદ્ધાર્થપુર | ૭૭ | કુંથુ | સમ્મેદશિખર | સંકુલ કૂટ |
| ૧૨ | જય | મહાપુર | ૬૬ | સુધર્મ | ચંપાપુરી | |
| ૧૩ | વિશાખ | નંદનપુર | ૫૫ | મન્દરાર્ય | સમ્મેદશિખર | સુવિરકૂટ |
| ૧૪ | ધાન્યસેન | અયોધ્યા | ૫૦ | જય | સમ્મેદશિખર | સ્વયંપ્રભકૂટ |
| ૧૫ | ધર્મમિત્ર | સૌમનસપુર | ૪૩ | અરિષ્ટસેન | સમ્મેદશિખર | સુદત્તવરકૂટ |
| ૧૬ | સુમિત્ર | સૌમનસપુર | ૩૬ | ચક્રાયુધ | સમ્મેદશિખર | કુન્દપ્રભ(પ્રભાસ) |
| ૧૭ | અપરાજિત | હસ્તિનાપુર | ૩૪ | સ્વયંભૂ | સમ્મેદશિખર | જ્ઞાનધરકૂટ |
| ૧૮ | નંદી | ગજપુર | ૩૦ | કુંભાર્ય | સમ્મેદશિખર | નાટકકૂટ |
| ૧૯ | નંદિસેન | મિથિલા | ૨૮ | વિશાખ | સમ્મેદશિખર | સમ્બલકૂટ |
| ૨૦ | વૃષભદત્ત | રાજગૃહી | ૧૮ | મલ્લિ | સમ્મેદશિખર | નિર્જરકૂટ |
| ૨૧ | દત્ત | વીરપુર | ૧૭ | સુપ્રભ | સમ્મેદશિખર | મિત્રધરકૂટ |
| ૨૨ | વરદત્ત | દ્વારિકા | ૧૧ | વરદત્ત | ગિરનાર | (૫મી ટોંક) |
| ૨૩ | ધનદત્ત | ગુલ્મખેટ | ૧૦ | સ્વયંભૂ | સમ્મેદશિખર | સુવર્ણભદ્રકૂટ |
| ૨૪ | વિશ્વસેન | કુંડલપુર | ૧૧ | ઈન્દ્રભૂતિ(ગૌતમ) | પાવાપુરી | |

## સુવર્ણપુરી સમાચાર :—

**✻ શ્રી સીમંધરસ્વામી જિનમંદિરનો ૮૬મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ ✻**

સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૮૬મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ મહાવદ-૧૦ તા. ૧૨-૨-૨૦૨૬, ગુરુવારથી તા. ૧૯-૨-૨૦૨૬ ને ગુરુવાર ફાગણ સુદ-૨ સુધી શ્રી વીસ વિહરમાન જિન મંડલ વિધાન, જિનેન્દ્ર ભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ તથા વિભિન્ન કાર્યક્રમપૂર્વક સહ ઉજવવામાં આવશે.

**✻ શ્રી પંચમેરુ–નંદીશ્વર જિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :** શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૪૨મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, શુક્રવાર, તા. ૨૦-૨-૨૦૨૬ થી ૨૩-૨-૨૦૨૬ સોમવાર સુધી આનંદોલ્લાસ સહ શ્રી પંચકલ્યાણક વિધાન તથા પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ ફાલ્ગુની નંદીશ્વર–અષ્ટાહ્નિકા :** ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૨૪-૨-૨૦૨૬, મંગળવારથી તા. ૩-૩-૨૦૨૬ મંગળવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.

**✻ શ્રી પરમાગમમંદિર વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :** ફાગણ સુદ-૧૩, તા. ૧-૩-૨૦૨૬, રવિવારના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૫૩મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

---

## વૈરાગ્ય સમાચાર :–

✻ બોરીવલી-મુંબઈ નિવાસી શ્રી ભરતભાઈ ચત્રભુજ શાહ (ઉ.વ. ૬૬)નું તા. ૨૬-૧૨-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ વિંછીયા નિવાસી (હાલ લંડન) જિનબાળ અમરચંદભાઈ ડગલી (ઉ.વ. ૭૭)નું તા. ૭-૧-૨૦૨૬ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. વર્ષોથી વિદેશમાં રહેવા છતાં ધર્મસંસ્કારથી રંગાયેલા હતા.

✻ રાજકોટ નિવાસી ધનશ્રીબેન હસમુખરાય શેઠ (ઉ.વ. ૫૯)નું તા. ૯-૧-૨૦૨૬ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ અમરગઢ નિવાસી (હાલ સોનગઢ) હંસાબેન રતિભાઈ (ઉ.વ. ૭૭)નું તા. ૧૨-૧-૨૦૨૬ના રોજ આત્મસાધનાપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે.

✻ શ્રી ભોપાલભાઈ જૈન દિલ્હીવાળાનું (ઉ.વ. ૮૬) તા. ૧૪-૧-૨૦૨૬ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ લંડન નિવાસી શ્રી દિનકરભાઈ મણિલાલ શાહ (ઉ.વ. ૮૯)નું તા. ૧૪-૧-૨૦૨૬ના રોજ શાંત પરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે. તેઓ દિગંબર જૈન સેન્ટર લંડનના પૂર્વ પ્રમુખ હતા.

✻ સોનગઢના મુમુક્ષુ (હાલ-મલાડ) બા.બ્ર. સુમનભાઈ શેઠ (ઉ.વ. ૮૩)નું તા. ૨૪-૧-૨૦૨૬ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. પાઠશાળા દ્વારા મુમુક્ષુઓને સ્વાધ્યાય કરાવવામાં તેમનો સિંહફાળો હતો.

✻ સોનગઢ નિવાસી શ્રી ફૂલબાઈ રટોડિયાનું તા. ૨૪-૧-૨૦૨૬ના રોજ અમદાવાદ મુકામે દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# સોનગઢ મેસેજ સ્પર્ધા-૨૦૨૬

**સૌજન્યકર્તા : નમન, નમિતા ભાવેશ ભાયાણી, બોરીવલી**

૧)(i) સોનગઢ મેસેજ સ્પર્ધા-૨૦૨૬માં ભાગ લેવા માટે ઓછામાં ઓછા ૩૦૦ મેસેજ સ્વહસ્તાક્ષરમાં તારીખ સાથે લખવા આવશ્યક છે. સ્પર્ધાનો સમય ૧-૧-૨૦૨૬ થી ૨૦-૧૨-૨૦૨૬ ૩૦૦ મેસેજ લખી નોટબુક તા. ૨૫-૧૨-૨૦૨૬ સુધીમાં સોનગઢ મોકલનાર (આ સ્પર્ધામાં કોઈપણ ઉંમરના મુમુક્ષુ ભાગ લઈ શકશે.) દરેકને રૂા. ૩૦૦/- નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

(ii) જે સ્પર્ધકોએ પોતાની મેસેજ બુકને વિશેષરૂપથી સુશોભિત કરી હશે તેમને નીચે મુજબના પુરસ્કાર આપવામાં આવશે.

(A) ૧૮ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ : પ્રથમ ૨૦૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/- રૂપિયા (B) ૧૮ વર્ષથી ૩૫ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ. પ્રથમ ૨૦૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/-રૂપિયા (C) ૩૫ વર્ષથી ઉપરની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ. પ્રથમ ૨૦૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/-રૂપિયા ઈનામ આપવામાં આવશે.

(૨) સોનગઢ મેસેજ સુવિધા **WhatsApp**માં શરૂ કરાવવા માટે આપે પોતાનું

૧. નામ :______________________________ ૨. ગામનું નામ :______________

૩. ગુજરાતી/હિંદી :______________ ૪. મોબાઈલ નંબર :___________________ ની

વિગત **Whats App**થી **Mo : 9276867578 / 9322281129** ઉપર મોકલવી.

મેસેજ સંબંધી માર્ગદર્શન માટે ઉપરના મોબાઈલ નં. ઉપર ફોન કરવો અથવા **contact@kanjiswami.org** પર ઈ મેઈલ કરવા વિનંતી.

નવું રજીસ્ટ્રેશન કરાવનાર મુમુક્ષુઓને સવારના મેસેજ તથા સાંજની સોનગઢ રત્નકણિકા સ્વાધ્યાયનો લાભ મળશે. તથા દરેક મહિનાની ૧લી તારીખે આત્મધર્મની સોફ્ટ કોપી મળશે.

---

## ✻ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૪મો સમ્યક્ત્વજયંતી મહોત્સવની મંગલ પત્રિકા લેખનવિધિ સાનંદ સંપન્ન ✻

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૪મો સમ્યક્ત્વજયંતી મહોત્સવ શ્રી સાઉથ-નોર્થ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા ઊજવવામાં આવનાર છે. આ મહોત્સવની પત્રિકા લેખનવિધિ પોષ સુદ-આઠમ, તા. ૨૮-૧૨-૨૦૨૫, રવિવારના રોજ સવારે જિનેન્દ્ર પૂજન પછી સર્વે મુમુક્ષુઓ મંજુલાબેન મનુભાઈ શેઠના નિવાસસ્થાને ગયા હતા ત્યાં પત્રિકાને ભક્તિ સહ વધાવવામાં આવેલ. ત્યારબાદ વાજતે-ગાજતે ભક્તિ કરતાં કરતાં પત્રિકાને પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને થઈને મંડપમાં લાવવામાં આવેલ હતી. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન થયું. પછી પ્રાસંગિક જાહેરાત બાદ પત્રિકા લેખનવિધિના સૌજન્યકર્તા શ્રી મંજુલાબેન મનુભાઈ શેઠ પરિવાર દ્વારા પત્રિકાનું ભાવવાહી વાંચન કરવામાં આવેલ. પછી પત્રિકા લેખન વિધિ સર્વ પ્રથમ સૌજન્યકર્તા પરિવાર, ટ્રસ્ટીગણ, બ્રહ્મચારી બહેનો દ્વારા ત્યાર બાદ અન્ય મહાનુભાવો દ્વારા ભજનમંડળીના ભક્તિના સૂરો અને હર્ષોલ્લાસ સહ સાનંદ સંપન્ન થઈ.

## બાળસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરની રજત જયંતી (૨૫ વર્ષ) સાનંદ સંપન્ન

શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત બાળ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરની રજતજયંતી વર્ષ હોવાથી કહાન પુષ્પ પરિવાર દ્વારા આ ઉજવણીના ભાગરૂપે ભારતમાં મુંબઈ-મલાડ, પૂના-ફ્લેમ યુનિવર્સિટી, હૈદ્રાબાદ, ચૈતન્યધામમાં અમદાવાદના મંડળો દ્વારા તેમજ રાજકોટ-જામનગર સંયુક્ત શિબિરનું આયોજન થયેલ. આ રજતજયંતીની પૂર્ણાહૂતિ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-થી ૩૦ ડિસેમ્બર ૨૦૨૫—એમ છ દિવસીય શિબિરનું વિશિષ્ટ ભવ્યતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૫-૧૨-૨૦૨૫ના રોજ શિબિરનો પ્રારંભ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન પછી શ્રી કહાન પુષ્પ પરિવાર કમિટી મેમ્બર દ્વારા શિબિરની રજત જયંતી નિમિત્તે શિબિર સંબંધી જાણકારી આપવામાં આવી ત્યાર બાદ ટ્રસ્ટીઓ, શિબિરાર્થી તથા મહેમાનોની ઉપસ્થિતિમાં શિબિર સૌજન્યકર્તા અને અધ્યાપકો દ્વારા મંગલ દીપ પ્રગટાવી પ્રારંભ કરવામાં આવ્યો હતો. બાળકો માટે દરરોજ સવારે સુવર્ણપુરીના વિભિન્ન મંદિરોમાં જિનેન્દ્ર અભિષેક, પૂજા, ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવેલ તથા શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સવારે શ્રી નાટક સમયસાર, બપોરે શ્રી કળશટીકા તથા રાત્રિમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા તેમજ બહેનશ્રીનાં વચનામૃત ઉપર વિડિયો પ્રવચનો ચાલતા હતા. શિબિરમાં બાળકો તેમજ વડીલોને માટે ઉંમર અનુસાર દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, સુખ ને વીર્ય એમ છ વિભાગો પાડી દિવસમાં ત્રણ કલાક 'સ્વાધ્યાય એ પરમ તપ' ઉપર વિદ્વાનો દ્વારા અધ્યાપન કાર્ય કરવામાં આવતું હતું. રાત્રિના પ્રવચન પછી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ હતું. જેમાં શિબિરાર્થી બાળકો દ્વારા ભક્તિ, એકાંકી સંવાદ, નાટક, ક્વિઝ વિગેરે પ્રોગ્રામનું આયોજન થયેલ.

● આ શિબિરમાં અધ્યાત્મિક કાર્નિવલ રાખવામાં આવેલ હતો. જેમાં જૈનધર્મના સિદ્ધાંત પર **Digital** માધ્યમ દ્વારા બાળકોને તથા વડીલો માટે **Interactive Games** રાખવામાં આવી હતી જે આ શિબિરનું વિશેષ આકર્ષણ હતું. ● આ શિબિરમાં એક દિવસ પ્રભાતફેરીનું આયોજન કરેલ તેમાં દરેક શિબિરાર્થીઓએ ભાગ લીધેલ. ● શિબિર દરમ્યાન બાળકોને ઓનલાઈન ક્વિઝ, કાર્નિવલ તથા પ્રવચનમાં બેસીને સુવર્ણપુરી પાસપોર્ટમાં પોઈન્ટ કલેક્ટ કર્યા હતા તેમણે છેલ્લે દિવસે પુસ્તક વેચાણ વિભાગમાં જઈને આધ્યાત્મિક વસ્તુ ખરીદી પોઈન્ટ વાપર્યા હતા. ● બાળકોને વિશેષરૂપે પ્રોત્સાહિત કરવા તેમના માટે જેકેટ, તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક સ્વાધ્યાયનું સંકલન કરી 'રત્નકણિકા-૨૦૨૬' ડાયરીનું વિમોચન કરેલ તથા બેગ વિ. આપવામાં આવી હતી. ● દર વર્ષની જેમ આ વર્ષે પણ **SMS** સ્પર્ધામાં ભાગ લેનારની ડાયરીનું પ્રદર્શન રાખવામાં આવેલ તથા પ્રથમ, દ્વિતીય, તૃતીય આવનારને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવેલ. ● બાળકોને વિશેષરૂપે **Participation Certificate** આપવામાં આવેલ. ● આ શિબિરની રજત જયંતિ ઉજવી માટે ૧૦ ગ્રામ ચાંદીના સિક્કા દરેક બાળકોને યાદગીરીરૂપે આપવામાં આવેલ. ● તા. ૩૦-૧૨-૨૫ના રોજ ઘોઘા તીર્થ, ભાવનગર મંદિર તથા પૂજ્ય ગુરુદેવશ્રી જન્મધામ ઉમરાળાના મંદિરોના દર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. શિબિરાર્થીઓનું ભાવનગર, ઘોઘા તથા ઉમરાળાના ટ્રસ્ટીઓ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ● આ શિબિરમાં ૪૦૦ બાળકો તથા અન્ય ૯૦૦ જેટલા યુવાન તથા વડીલોએ લાભ લીધો હતો.

આયોજકો તથા શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકર્તાઓ દ્વારા શિબિરાર્થીઓ માટે આવવા-જવાની, આવાસની, ભોજનની તથા યાત્રાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ શિબિરના સ્થાયી સૌજન્યનો લાભ (૧) મુમુક્ષુ મંડળ ઑફ ગ્રાન્ડ રેપીડ, **USA** (૨) રાજુલ શાહ, ફ્લોરિડા-**USA** તથા મુખ્ય સૌજન્યનો લાભ શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહ પરિવાર, ઘાટકોપર-મુંબઈ અને સહ સૌજન્યનો લાભ (૧) એક મુમુક્ષુભાઈ (૨) શ્રી રમણિકલાલ લાલચંદ દોશી પરિવાર, (૩) એક મુમુક્ષુબેન (૪) શ્રી ભરતભાઈ કાંતિલાલ કામદાર પરિવારને મળેલ હતો.

**નોર્થ-સાઉથ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ સમ્યક્ ભક્તિભાવ સહ**
**અધ્યાત્મ અતિશયતીર્થ સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે**

## સમ્યક્ આરાધક પ્રભામંડિત ધર્મરત્ન
## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૪મો

# સમ્યક્ત્વજયંતી–મહોત્સવ

ભવાંતકારી તેમજ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા ઉપર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીની શુદ્ધાત્મસ્પર્શી વજ્રવાણીથી જેમને પૂર્વારાધિત પરમ કલ્યાણકારી વિશુદ્ધ સમ્યક્ત્વના સંસ્કાર પુનઃ જાગૃત થયા અને તત્ત્વમંથનના અસાધારણ પુરુષાર્થથી માત્ર ૧૮ વર્ષની બાળવયે નિજ શુદ્ધાત્મદેવના આનંદસ્યંદી સાક્ષાત્કારને પામી, નિર્મળ નિર્વિકલ્પ સ્વાનુભૂતિનું રસપાન કરી જીવન ધન્ય બનાવ્યું એવા ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૪મો વાર્ષિક મંગલ 'સમ્યક્ત્વજયંતી' મહોત્સવ તા. ૯-૩-૨૦૨૬, સોમવારથી તા. ૧૩-૩-૨૦૨૬, શુક્રવાર (ફાગણ વદ-૧૦) સુધી શ્રી તીન ચોવીસી મંડળ-વિધાન પૂજા, પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમ્યક્ત્વમહિમા ભરપૂર અધ્યાત્મિક સીડી પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણ વર્ગ, વિશેષ ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ શ્રી નોર્થ-સાઉથ દિગંબર મુમુક્ષુ મંડળ દ્વારા આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઊજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ અવસર પર સમસ્ત મુમુક્ષુ સમાજને સોનગઢ પધારવાનું અમારું ભાવભીનું નિમંત્રણ છે.

- નિમંત્રણ પત્રિકા—લેખનવિધિ તા. ૨૮-૧૨-૨૦૨૫, રવિવારના રોજ સોનગઢમાં સાનંદ સંપન્ન થઈ હતી.

નિમંત્રક

**નોર્થ-સાઉથ દિગંબર જૈન મુમુક્ષુ મંડળના જય-જિનેન્દ્ર**

## શાંત, સરળસ્વભાવી, વાત્સલ્યપ્રેમી, કુશળ વહીવટકર્તા
## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના પ્રમુખશ્રી
# આત્માર્થી શ્રી હસમુખભાઈ પોપટલાલ વોરા પ્રતિ શ્રદ્ધાંજલી



પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અત્યંત અર્પણતા ધરાવનાર ઉભય ધર્માત્માઓના કૃપાપાત્ર, દીર્ઘકાળથી ગુરુદેવશ્રીના શાસનની સેવા કરનાર અને આરાધક, વિદ્વાન અને આત્માર્થી, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખલાલ પોપટલાલ વોરાના (૯૪ વર્ષે) આ દુર્લભ મનુષ્યપર્યાયથી ચિરવિદાયના વૈરાગ્યપ્રેરક સમાચાર જાણી અમને સૌને વૈરાગ્યભીનું દુઃખદ વેદન થયું છે. તેઓશ્રીનો ચિરવિયોગ થવાથી આપણને ન પૂરી શકાય એવી ખોટ પડી છે.

આદરણીય શ્રી હસમુખભાઈને તેમના પિતાશ્રીના કારણે પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સંગનો લાભ પ્રાપ્ત થયો હતો. તેઓશ્રી પૂજ્ય ગુરુદેવશ્રી અને તેમના દર્શાવેલા તત્ત્વજ્ઞાનથી અત્યંત પ્રભાવિત થયા અને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે તેમના અંતરમાં અહોભાવ જાગ્યો. તેના ફળ સ્વરૂપે સહજપણે તેઓ શાસનની સેવામાં જોડાઈ ગયા.

શ્રી હસમુખભાઈના પિતાશ્રી પોપટલાલભાઈનું દેહપરિવર્તન થયું પછી શ્રી રામજીભાઈ દોશીએ શ્રી હસમુખભાઈને સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી બનાવ્યા. મુરબ્બી શ્રી રામજીભાઈ દોશી શ્રી સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ હતા, ત્યારે શ્રી પરમાગમ મંદિર બંધાવવાનો પ્રારંભ થયો. પોણા ચાર લાખ અક્ષરો સંગેમરમરમાં ઉત્કીર્ણ કરવાના હતા. હાથે લખવામાં ઘણો સમય જાય એમ હતો આથી શ્રી રામજીભાઈએ આ કાર્યની જવાબદારી શ્રી હસમુખભાઈને સોંપી. શ્રી હસમુખભાઈ અક્ષરો ઉત્કીર્ણ કરવા ઈટલી જઈ મશીન લઈ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. પાંચ શાસ્ત્રો ઉત્કીર્ણ કરવાનું કાર્ય તેઓશ્રીની કાર્યનિષ્ઠા, ધીરજ, ખંત, ચોક્કસાઈ વગેરેથી પાંચ મહિનામાં જ પૂર્ણ થયું.

તેમની પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની અર્પણતા, બાહોશતા, વહીવટી શક્તિને ધ્યાનમાં લઈ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીના આગ્રહથી તથા સર્વે ટ્રસ્ટીઓની અનુમતિથી શ્રી હસમુખભાઈએ ૧૯૮૧માં પ્રમુખપદ સંભાળ્યું હતું. તેમના પ્રમુખપદના કાર્યકાળ દરમિયાન તેઓએ અત્યંત

કુશળતાપૂર્વક સંસ્થાના વહીવટમાં ભાગ ભજવી, સંસ્થાની શક્તિ અને મજબૂતાઈને ટકાવી રાખવામાં તથા વૃદ્ધિ કરવામાં ઘણો જ અગત્યનો ફાળો આપ્યો. આજે પણ સોનગઢમાં જાણે પૂજ્ય ગુરુદેવશ્રી સદેહે ઉપસ્થિત હોય તેવું વાતાવરણ બનાવી રાખવામાં પ્રમુખ તરીકે તેમની કુશળતા અને બાહોશતા વર્તાઈ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની નિશ્રામાં ઘાટકોપર-મલાડ મંદિરનો પંચકલ્યાણક મહોત્સવ થયો તે મહોત્સવમાં સૌધર્મ ઈન્દ્ર અને શચી ઈન્દ્રાણીનો લાભ શ્રી હસમુખભાઈ અને શ્રી કલાવતીબેનને મળ્યો હતો. સુરતમાં પંચકલ્યાણક મહોત્સવમાં શ્રી ગ્રંથાધિરાજ સમયસાર શાસ્ત્રને બિરાજમાન કરવાનો લાભ મળ્યો હતો ત્યારે કલાવતીબેને કહેલું કે ''બિરાજમાન કરવાનો લાભ મળ્યો છે તો શ્રી સમયસારનું ચિંતન-મનન કરવું જોઈએ.'' તેથી તેઓશ્રીએ સતત બે વર્ષ સમયસારનો તલસ્પર્શી અભ્યાસ કરેલો.

શ્રી હસમુખભાઈના કાર્યકાળમાં શ્રી નંદીશ્વર જિનાલયનું કાર્ય શરૂ થયું હતું તથા પંચ કલ્યાણક મહોત્સવ સંપન્ન થયો હતો. તેઓશ્રીએ સોનગઢમાં આધુનિક રહેવાની વ્યવસ્થા મુમુક્ષુઓ માટે થાય તે માટે મોટી રકમનું દાન આપી ''શ્રી કલાવતી ભવન'' નામનું આવાસ બનાવ્યું. તેઓશ્રીએ છેલ્લે સુધી નિત્ય દેવ દર્શન, પૂજન, પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન વગેરે આધ્યાત્મિક પ્રવૃત્તિમય જીવન પોતાના નિજકલ્યાણ અર્થે વીતાવ્યું છે.

તેમના અંતરમાં સંતસાધનાભૂમિ સુવર્ણધામ પ્રત્યે અત્યંત ભક્તિ પ્રવર્તતી હતી. તેથી સંસ્થાની પ્રસિદ્ધિ દેશ-વિદેશમાં થાય તેની ભાવના તેમને સદાય વર્તતી રહેતી. તેથી સુવર્ણપુરીમાં બાહુબલી ભગવાનની ભવ્ય પ્રતિમા અને જંબૂદ્વીપની ભવ્ય રચના થાય તેવું ટ્રસ્ટીમંડળે આયોજન કર્યું તેમજ મુમુક્ષુ સમાજે અત્યંત ભાવથી વધાવી લીધું.

તેઓશ્રીને સમસ્ત મુમુક્ષુ સમાજ પ્રત્યે ગાઢ વાત્સલ્યભાવે પ્રેમ હતો. દરેક નાના-મોટા મુમુક્ષુઓને પ્રેમથી આવકારતા. બધા મુમુક્ષુ ભાઈ-બહેનોને પણ તેમના પ્રતિ એક પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે ખૂબ આદર તથા વાત્સલ્યભીની લાગણી હતી, તે વાત્સલ્યપૂર્ણ વ્યક્તિનો મેળાપ પણ નહીં થાય ! એ દુઃખદ છે, કુદરતનો ક્રમ જ એવો છે, એટલું માનીને જ સંતોષ માનવો પડે છે. તેઓશ્રીની નાદુરસ્ત તબિયત હોવા છતાં છેલ્લે મુંબઈ જઈ તુરંત સોનગઢ પાછા આવી ગયા હતા. તેઓશ્રીએ જ્ઞાનીઓની અંતરંગ કૃપા સંપાદિત કરી હતી—એ એમની મહામૂલી ઉપલબ્ધિ હતી. આવા તેમના ગુણો અને સત્કાર્યો તેમજ સદ્‌ભાવનાઓને સ્મરીએ.

આ વિષમ પ્રસંગે આપણને દુઃખથી ભરેલો આ સંસાર તરી જવાની રીત જ્ઞાનીઓના પ્રતાપે આવડે અને સાચો પુરુષાર્થ પ્રગટ કરવાનું બળ પ્રાપ્ત થાય એવી ભાવના રહે છે. સદ્‌ગત આત્મા પ્રાપ્ત કરેલા ધાર્મિક સંસ્કારોમાં આગળ વધી શીઘ્ર શાશ્વત સુખને પ્રાપ્ત કરો, એ જ અંતરની ભાવના.

લિ.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● અહો ! પરમ સત્યની આવી વાત કાને પડવી પણ ઘણી દુર્લભ છે. અનંતકાળે મનુષ્યપણામાં આવા મોંઘાં ટાણાં મળ્યા છે ત્યારે પણ જો અપૂર્વ સત્ય સમજીને સ્વતંત્ર વસ્તુ સ્વભાવનું સામર્થ્ય ન સમજાય તો ચોરાશીના અવતારની રખડપટ્ટી ટળશે નહીં. માટે જે જીવ આ રખડપટ્ટીથી થાક્યો હોય તેને ધીરો થઈને અંતરમાં આ વાત સમજવા જેવી છે. ૭૩૨.

● પરદ્રવ્ય તરફી વૃત્તિ અશુભ હો કે શુભ—તે આત્મા નથી. સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે. આવા જ્ઞાનના સ્વસંવેદનની કળા તે મોક્ષની કળા છે. આત્માના અનુભવની આ કળા તે જ સાચી કળા છે. તેનો વારંવાર અભ્યાસ કરવા જેવું છે. દુઃખથી છૂટવું હોય ને સુખી થવું હોય તો પરભાવોથી ભિન્ન આત્માને જાણીને તેનો જ અભ્યાસ કરવા જેવો છે. ૭૩૩.

● જન્મ-મરણના ક્લેશથી છૂટવું હોય, ને મોક્ષનું અવિનાશી કલ્યાણ જોઈતું હોય તેણે પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માને જ કલ્યાણરૂપ જાણીને તેમાં સંતુષ્ટ થવું. રાગમાં કદી સંતોષ થાય તેવું નથી. તેમાં તો વિષયોની ઈચ્છા ને આકુળતા જ છે. રાગ પોતે જ આકુળતા છે તો તેમાં સંતોષ કેવો ? જ્ઞાન છે તે નિરાકુળ છે, માટે તેના અનુભવથી જ સંતોષ પામ. ૭૩૪.

● પ્રશ્ન :—આપ જે વાત સમજાવો છો તે વાત તો બરાબર સાચી જ છે—પણ તેનાથી સમાજને શું લાભ થાય ?

ઉત્તર : જુઓ ભાઈ—પહેલી વાત તો એ છે કે, પોતાને પોતાનું જોવાનું છે. સમાજનું ગમે તે થાય—તેની ચિંતા છોડીને પોતે પોતાનું સંભાળવું. મધદરિયે ડૂબકા ખાતો હોય ત્યારે સમાજની કે કુટુંબની ચિંતા કરવા નથી રોકાતો પણ હું દરિયામાં ડૂબતો કેમ બચું ?—તે માટે જ ઉપાય કરે છે. તેમ સંસાર—સમુદ્રમાં ડૂબતો કેમ બચું ?—તે માટે જ ઉપાય કરે છે. તેમ સંસાર-સમુદ્રમાં રખડતા માંડ માંડ મનુષ્યભવ મળ્યો છે ત્યારે મારા આત્માનું હિત કેમ થાય, મારો આત્મા સંસાર-ભ્રમણથી કેમ છૂટે એ જોવાનું છે. પારકી ચિંતામાં રોકાય તો આત્મહિત ચુકાઈ જાય છે. આ વાત તો પોતાનું હિત કરવાની છે દરેક જીવ સ્વતંત્ર છે, તેથી સમાજના બીજા જીવોનું હિત થાય તો જ પોતાનું હિત થઈ શકે એવું કાંઈ પરાધીનપણું નથી માટે હે જીવ ! તારા હિતનો ઉપાય કર. ૭૩૬.

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૨૬
અંક-૬ ● વર્ષ-૨૦

Posted at Songadh PO
Publish on 1-2-2026
Posted on 1-2-2026

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org